

પોતે આત્મા જેવો છે એવી દષ્ટિ કરીને એમાં રહેવું
તે પ્રયોજનભૂત છે, બાકી બધું થોથાં છે, પ્રયોજન
તો એક આત્માનું જ રાખવું.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૨ □ (૫૭૯) ✻ આત્મધર્મ ✻ (અંક-૭ વર્ષ-૪૮) □ વીર સં. ૨૫૧૮ જાન્યુઆરી, ૧૯૯૨

ખુશ ખબર ! જિનેન્દ્રભક્તિનો અનન્ય અવસર ! આનંદ સમાચાર !

પ્રશમમૂર્તિ ભગવતીમાતાના જન્મધામ વર્ધમાનપુરી ( વઢવાણ )માં

શ્રી સીમંધરસ્વામી–સમવસરણમંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં

# શ્રી દિગંબર જિનબિંબ-પંચકલ્યાણક–પ્રતિષ્ઠા–મહોત્સવ

[ તા. ૨-૩-૯૨ થી તા. ૯-૩-૯૨ ]

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુણ્ય-પ્રભાવનાયોગમાં સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના જન્મધામ વઢવાણમાં નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી-સમવસરણ'ની વર્ધમાનજિનપંચકલ્યાણકપૂર્વક પાવન પ્રતિષ્ઠા આગામી ફાગણ સુદ પાંચમ, તા. ૯–૩–૯૨, સોમવારના રોજ ખૂબ આનંદોત્સવ સહ સમ્પન્ન કરવાનો શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી વઢવાણ દિગંબર જૈન મુમુક્ષુમંડળે નિર્ણય કર્યો છે.

## પ્રતિષ્ઠા-મહોત્સવ : માઘ વદ ૧૩, સોમવાર, તા. ૨–૩–૯૨

## થી

## ફાગણ સુદ ૫, સોમવાર, તા. ૯–૩–૯૨

બહારમાં શ્રી જિનેન્દ્રદેવની તેમ જ અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનાર આપણા તારણહાર અનંત-ઉપકાર-મૂર્તિ સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સાતિશય ધર્મપ્રભાવનાયોગ દ્વારા પોતાની સમ્યક્ જાતિસ્મરણઋદ્ધિથી સમવસરણયુક્ત શ્રી સીમંધરસ્વામીના ભારતવર્ષમાં પદાર્પણ કરાવનાર પ્રશમપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના વિશુદ્ધ ધર્મપ્રતાપે સુસમ્પન્ન થનાર આ મંગલ મહોત્સવમાં પધારવા માટે અમારા મુમુક્ષુમંડળ તરફથી સર્વે મુમુક્ષુ-સમાજને સાદર નિમંત્રણ છે.

[ પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્ત્વપૂર્ણ બોલી—ઇન્દ્રો, અહમિન્દ્રો તેમ જ કુબેર ઇત્યાદિની બોલી—પ્રતિષ્ઠા-મહોત્સવના પ્રથમ દિવસે (તા. ૨-૩-૯૨, સોમવાર, માઘ વદ ૧૩ના દિવસે ) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ અને પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજાના ઇન્દ્રોની બોલી તા. ૧-૩-૯૨ રવિવારના રોજ બોલવામાં આવશે. ]

નિમંત્રક—

શ્રી વઢવાણ દિગંબર જૈન મુમુક્ષુમંડળ

અધ્યક્ષ—નંદલાલ તલકશીભાઈ દોશી

કહાન સંવત–૧૨ વર્ષ–૪૮ અંક–૭ [ ૫૭૯ ]

વીર સંવત ૨૫૧૮ સં. ૨૦૪૮ JAN. A.D. 1992




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય : ઇન્દ્રિયજ્ઞાન હેય

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૪ )

શ્રી પરમાત્મપ્રકાશની આ ૫૨મી ગાથા ચાલે છે.

આ આત્મા સ્વ અને પરને જાણવાવાળુ તત્ત્વ છે. પરદ્રવ્યને પોતાના માને એવો તેનો સ્વભાવ નથી પણ પરને જાણવું એવો તેનામાં સ્વભાવ છે એટલે કે આ જ્ઞાનમૂર્તિ આત્માનો પુણ્ય–પાપ આદિ વિકાર અને શરીર, કર્માદિને જાણવાનો સ્વભાવ છે પણ તે જાણવાના સ્વભાવ ઉપરાંત પુણ્ય–પાપ, શરીર, કર્માદિને પોતાને માનવાનો તેનો સ્વભાવ નથી.

ભગવાન ચિદાનંદ આત્મા સ્વ–પરને જાણવાવાળો છે પણ તે સ્વભાવના અભાનમાં એણે વર્તમાન દશામાં પરને પોતાના માનવાની ભ્રમણા ઊભી કરી છે. શરીર, કર્મ તથા વિકાર આદિ મારા છે. તેનાથી મને સુખ છે એવી માન્યતા તેણે ભ્રમથી ઊભી કરી છે, ખરેખર તેનું સ્વરૂપ એવું નથી.

આત્મા તો જાણવાના સ્વભાવવાળો તત્ત્વનું સત્ત્વ છે. તેના દ્રવ્ય–ગુણમાં વિકાર ન હોવા છતાં વર્તમાન દશામાં જે વિકાર જ્ઞાનમાં જણાય છે તે મારા છે એવી ભ્રમણા તેણે ઊભી કરી છે. તે ભ્રમણા દૂર કરવા શ્રીગુરુ તેને ભગવાનના દૃષ્ટાંતથી સમજાવે છે કે, જેવું તારામાં શક્તિરૂપે સામર્થ્ય પડ્યું છે એવું જ જેને વર્તમાન દશામાં પ્રગટ થયું છે એવા કેવળી ભગવાન સર્વ પરપદાર્થને એટલે કે લોકાલોકને

પોતાના જ્ઞાનમાં પૂર્ણપણે અને પ્રત્યક્ષ જાણે છે પણ પરમાં એકમેક થઈ જતાં નથી.

કેવળી ભગવાન જેમ પોતાને જાણે છે તેમ જ પરને જાણે છે, જાણવામાં કાંઈ ફેર નથી. ફક્ત પરને જાણતાં તેમાં તન્મય થતાં નથી. તેથી પરને વ્યવહારથી જાણે છે એમ કહેવામાં આવે છે અને પોતામાં તન્મય છે માટે પોતાનું જાણવું તો નિશ્ચયથી છે.

વર્તમાનમાં અલ્પજ્ઞદશા વખતે પણ આત્મા જ્ઞાનપ્રકાશની મૂર્તિ છે, આનંદનું રૂપ છે, અત્યારે પણ તે પરદ્રવ્ય સાથે તન્મય નથી, પરમાં તન્મય થયા વગર પરને જાણે એવો તેનો સ્વભાવ છે. પરંતુ પરમાં પુણ્ય-પાપમાં દયા-દાનાદિમાં સુખ માને છે, તેમાં ધર્મ માને છે એ તેનો મિથ્યાભ્રમ છે.

ભગવાન ચૈતન્યવસ્તુ વર્તમાનમાં જ સ્વ-પરને જાણવાના સામર્થ્યવાળુ સત્ત્વ છે—તત્ત્વ છે. તેથી જે કાળે રાગ, વિકલ્પ આવે છે તે સમયે જ તેને જાણવાનો સ્વભાવ પણ છે. પરંતુ આ રાગાદિ વિકલ્પથી જુદો હું માત્ર જાણનાર છું. રાગથી તો હું જુદો પણ પરમાં સુખ છે એવી માન્યતાથી પણ જુદો છું, મારામાં જ મારો આનંદ છે, મારામાં જ મારી શાંતિ છે, મારામાં જ મારું સ્વ અને પરને જાણનારું જ્ઞાન છે એવી માન્યતા અનંતકાળમાં એણે કોઈદી કરી નથી. કારણ કે આત્મા જેવો છે તેવો તેણે કદિ જાણ્યો જ નથી.

આત્મા જેવો છે એવો માનતો નથી એ વખતે પણ અંતરસ્વરૂપે તો આત્મા અતીન્દ્રિયજ્ઞાન અને આનંદમય જ છે. પોતે અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો પિંડ છે એમ જો માને તો તો પરમાં સુખ છે કે પરના લક્ષે જે વિકલ્પ ઉઠે છે તે મારામાં છે એવી બુદ્ધિ એને રહે નહિ. એ તો એમ જાણે કે આ જે પર સંબંધીનું જ્ઞાન થઈ રહ્યું છે તે જ્ઞાન તો મારું છે. મારામાં મારું જ્ઞાન છે અને મારું સુખ પણ મારામાં છે.

અનંતકાળમાં એક સેંકડ પણ આ જીવે પોતાને જેવા સ્વરૂપે છે એવા સ્વરૂપે માન્યો નથી. એણે તો જે પર જણાય છે તે મારાં છે અને જેમાં પોતાની વૃત્તિ રોકાય છે તે મને ઠીક છે એમ માની લીધું છે. સ્રીને જાણતાં, જાણે સ્રી મને ઠીક છે, લાડવા, મોસંબીને જાણતાં, તે મને ઠીક પડે છે, શરીરાદિને જાણતાં તે મારા છે અને મને અનુકૂળ છે એવી જે કલ્પના ઊભી કરે છે તે મિથ્યાત્વ છે.

ભગવાન સર્વજ્ઞદેવ પણ પોતાના જ્ઞાનપ્રકાશમાં પરને જાણે છે પણ પરમાં તન્મય થઈને ન જાણે પણ પરસંબંધીના પોતાના જ્ઞાનને તન્મય થઈને જાણે છે શું કીધું એ સમજાણું ?—કેવળી ભગવાન પોતાને તન્મય થઈને જાણે છે; અને પરને તન્મય થઈને જાણતાં નથી એ તો બરાબર પણ પર સંબંધીના પોતાના જ્ઞાનને તો

ભગવાન તન્મય થઈને જાણે છે. માત્ર પરમાં તન્મય નથી એ અપેક્ષાએ પરને જાણવું જ પોતામાં નથી એમ નથી.

વળી, જે રીતે નિજને તન્મય થઈને નિશ્ચયથી જાણે છે તેવી જ રીતે જો, પરને પણ તન્મય થઈને જાણે તો પરના સુખ, દુઃખ, રાગ-દ્વેષ આદિનું જ્ઞાન થતાં પોતે પણ સુખી, દુઃખી અને રાગી-દ્વેષી થાય આ મોટું દૂષણ આવે છે. અહીં તો કેવળજ્ઞાનીનું દૃષ્ટાંત આપીને આત્માના સ્વભાવને સમજાવવો છે હો! આગળ કહેશે કે, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનમય સ્વભાવ જ આદરણીય છે.

કેવળી અર્થાત્ અરિહંત પરમાત્મા કોને કહેવાય?—કે જેને, હું સર્વજ્ઞસ્વભાવી ત્રિકાળ સ્વ-પર પ્રકાશક તત્ત્વ છું એવો અંતરમાં અનુભવ કરવાથી વર્તમાન દશામાં પૂર્ણ સ્વ-પરપ્રકાશક જ્ઞાન જેને પ્રગટ થયું છે, તે ભગવાન અરિહંત પરમાત્મા છે. તેમના જ્ઞાનમાં આખું લોકાલોક તન્મય થયા વગર જણાય છે. જો તન્મય થતું હોય તો તો નારકી આદિ દુઃખી જીવોને જાણતાં ભગવાનને પણ દુઃખ થાય. સુખી જીવોને જાણતાં તેમને પણ તેનું વેદન થવું જોઈએ. રાગી-દ્વેષી જીવોને જાણતાં ભગવાનને પણ રાગ-દ્વેષ થઈ જાય પણ એમ બનતું નથી કેમ કે ભગવાન તેને તન્મય થઈને જાણતાં નથી.

ખરેખર તો નરકમાં નારકીને પણ જે દુઃખ છે તે સંયોગનું નથી કેમ કે તે સંયોગ સાથે આત્મા તન્મય નથી. તેને તો પોતે પોતાના આનંદકંદ સ્વભાવને ભૂલીને, સંયોગોને પ્રતિકૂળ કલ્પીને દ્વેષ કરે છે તે દ્વેષનું દુઃખ છે. તેણે પોતાની દશામાં આ મને થઈ ગયું...આ મને થઈ ગયું એવી જે કલ્પના ઊભી કરી છે તે કલ્પનાનું દુઃખ વર્તમાનમાં તેને છે. પણ ભગવાનના સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં તેનું દુઃખ જણાતું હોવા છતાં દુઃખ થતું નથી કેમ કે, ભગવાન તેમાં તન્મય નથી.

ન્યાય સમજાય છે આમાં! નાના છોકરાઓને પણ સમજાય તેવી વાત છે હો! એણે અનાદિથી પોતાના સામર્થ્યને પ્રતીતમાં લીધું નથી. અરે બાપુ! હવે તો જૂઠી કલ્પના છોડી દે! તારી કલ્પનામાં કાંઈ તથ્ય નથી. હા, તથ્ય છે જૂઠાપણાનું.

શું કહેવા માગે છે આ ગાથામાં! કે જીવનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ તો છે, અને ભગવાનને એ પૂર્ણપણે પ્રગટ થયો છે પણ તે જ્ઞાન પરને જાણતાં પરમાં તન્મય થતું નથી. જો તન્મય થયું હોય તો તો પરના દુઃખ અને અજ્ઞાનનું વેદન આવે ને! બીજાનાં સુખ-દુઃખ અને રાગ-દ્વેષનું જ્ઞાન થતાં પોતાને સુખ-દુઃખ આદિ થવા લાગે ને! પણ એમ બનતું નથી, કેમ કે જ્ઞાન તે પરપદાર્થમાં તન્મય નથી પણ જ્ઞાન તો પોતામાં તન્મય છે.

જુઓ! ખૂબી શું છે કે, બીજાં પ્રાણી રાગ-દ્વેષ કરે છે તેનું જ્ઞાન તો

કેવળજ્ઞાનમાં છે પણ એ જ્ઞાનમાં રાગ-દ્વેષ આવી જતાં નથી કેમ કે જ્ઞાન તો પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવના સામર્થ્યથી થયેલું જ્ઞાન છે, જ્ઞાન કાંઈ રાગ-દ્વેષનું નથી. જેમ ભોગીઓ ભોગમાં સુખની કલ્પના કરે છે ને! તો એ કલ્પનાનું જ્ઞાન તો ભગવાનને થાય છે. પણ જ્ઞાન તો પોતાના સામર્થ્યમાંથી આવેલું છે, કલ્પનામાંથી આવેલું નથી. તેથી અજ્ઞાનીની કલ્પનાને જાણતાં ભગવાનને સુખ થતું નથી તેમ જ કલ્પનાનું દુઃખ પણ જ્ઞાનમાં આવતું નથી, રાગ-દ્વેષ પણ જ્ઞાનમાં આવતાં નથી. માત્ર તે સંબંધીનું પોતાનું જ્ઞાન થાય છે. આમ, જ્ઞાનમાં તો સ્વ-પરપ્રકાશના સામર્થ્યવાળું પોતાનું જ્ઞાન આવ્યું છે, કોઈ પરપદાર્થ કે રાગ-દ્વેષાદિ જ્ઞાનમાં કદી આવતાં નથી.

ભગવાન આત્માની પોતાની હયાતી વિના 'આ છે' એમ કોણે જાણ્યું! આત્માનું જ્ઞાન જ સર્વની હયાતીને જાણે છે. એવું જ્ઞાનનું સ્વ-પરને જાણવાવાળું સામર્થ્ય છે માટે જાણે છે. પર છે માટે જ્ઞાન તેને જાણે છે એમ નથી. તેમ જ પરને જાણતાં જ્ઞાન તેમાં એકમેક પણ થતું નથી. પોતે પોતામાં રહીને પોતાના સામર્થ્યથી પરને જાણે છે. આત્માની દશાની મર્યાદા પોતામાં છે અને પરની મર્યાદા પરમાં છે. કોઈ પણ દ્રવ્ય પોતાની મર્યાદા છોડીને બહાર આવતાં જ નથી. માટે ભગવાનને આટલું બધું-ત્રણકાળ ને ત્રણલોકનું જ્ઞાન થતાં તેમાંથી કાંઈ જ્ઞાનમાં આવી જતું હશે! એવી કલ્પના કરીશ નહિ. કેવળજ્ઞાનીનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને તેનાથી પૃથક્ રહીને જાણે છે.

અહીં જે જ્ઞાનથી આત્માને સર્વવ્યાપક કહ્યો તે જ્ઞાન ઉપાદેય અતીન્દ્રિયસુખથી અભિન્ન છે. એ જ સુખરૂપ છે. જ્ઞાન અને આનંદમાં ભેદ નથી. જ્ઞાન પરને જાણતાં છતાં પરમાં તન્મય નથી પણ પોતાને જાણતાં પોતામાં તો તન્મય છે. પોતાના આનંદને જાણતું જ્ઞાન આનંદથી તન્મય છે, જુદું નથી.

તન્મય એટલે 'તે-મય'. એક સમયમાં ભગવાનને જ્ઞાન પણ પૂરું છે અને આનંદ પણ પૂરો છે અને બંને તન્મય છે, જુદાં નથી. જ્ઞાન અને આનંદ એક સમય-માત્ર પણ ભિન્ન ન હોઈ શકે. ત્રણકાળ ત્રણલોકમાં તો દુઃખ પણ ઘણું છે પણ તેને જાણતું જ્ઞાન તેમાં તન્મય થતું નથી. જ્ઞાન તો પોતાના આનંદમાં તન્મય રહે તેવી તેની શક્તિ છે. પરને જાણતાં જ્ઞાન તેમાં તન્મય નથી માટે જ તો પરના જ્ઞાનને ઉપચાર કહ્યું છે એ વાત અહીં સિદ્ધ કરી છે. આમ, પરથી ભિન્ન અને પોતાના આનંદથી અભિન્ન એવું જ્ઞાન જ ઉપાદેય છે એવો અભિપ્રાય જાણવો.

૫૦મી ગાથામાં શિષ્યના ચાર પ્રશ્નો હતાં તેના ઉત્તરરૂપે પહેલાં પ્રશ્નનો આ

જવાબ આવ્યો કે જ્ઞાનની અપેક્ષાએ આત્માને સર્વગત કહી શકાય પણ ક્ષેત્રથી આત્મા સર્વગત નથી.

આ તો ભગવાનના પૂર્ણ જ્ઞાનની વાત કરી પણ વર્તમાન વર્તતું આ જ્ઞાન પણ શરીર, મન, વાણી અને રાગાદિને તેનાથી ભિન્ન રહીને જાણે છે. જ્ઞાન શરીરાદિમાં ભળી જતું નથી. કેમ કે શરીર જે અજીવતત્ત્વ અને રાગ કે જે આસ્રવતત્ત્વ છે તેને ભિન્ન રાખીને જ્ઞાન જ્ઞાનમાં રહીને તેને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે. તેમાં તન્મય થવાનો જ્ઞાનનો સ્વભાવ જ નથી પણ અજ્ઞાનીએ ભ્રમથી આ રાગ મારો, આ શરીર મારું, શરીરની ક્રિયા મારાથી થાય છે એમ માની લીધું છે પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રકાશનો પુંજ છે એવા આત્માને માન્યો ક્યારે કહેવાય કે, મારો આત્મા સ્વ અને પરને જાણવાના સામર્થ્યવાળો છે અને વર્તમાનદશામાં પણ તે સ્વ અને પરને જાણે છે, રાગ-દ્વેષ કે શરીર સાથે તન્મય થતો નથી. જ્યારે જે સમયે જેવો રાગ-દ્વેષ હોય તે સમયે તેને જ્ઞાન જાણે પણ તન્મય ન થાય. જો તન્મય થાય તો તો રાગ અને જ્ઞાન એક થઈ જાય. શરીરને જાણતાં જ્ઞાન પણ જડ થઈ જાય. પણ એમ બનતું જ નથી કેમ કે જ્ઞાન તન્મય થતું નથી તેથી જ્ઞાનથી રાગ-આસ્રવ અને અજીવતત્ત્વ સદા ભિન્ન જ રહે છે.

કાલે છોકરાઓ પ્રશ્ન કરતાં હતા કે આ આત્મા શું વસ્તુ હશે?—તેને કીધું આત્મા જાણનાર છે—જ્ઞાનમૂર્તિ છે. જાણે છે તે જ વસ્તુ છે. હવે એ જાણવું કેટલા ક્ષેત્રમાં છે, કેટલા કાળથી છે એ પહેલાં નક્કી કરવું જોઈએ. જાણવું એ એક ભાવ છે એટલે એક અસ્તિ છે તો અસ્તિ કેટલા ક્ષેત્રમાં છે?—કે, શરીર પ્રમાણ આત્મા છે તે જ જ્ઞાનનું ક્ષેત્ર છે અને તે જ્ઞાન કેટલા કાળનું છે?—કે, અનાદિનું છે. તો હવે જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે એ નક્કી કરો. તો કહે છે, સ્વ-પરને જાણવું એ તેના દ્રવ્ય, ગુણ, પર્યાય—ત્રણેયમાં સામર્થ્ય છે. તો 'જાણવું' એ મારું સામર્થ્ય છે એમ નક્કી કરતાં આસ્રવ અને અજીવ તેનાથી ભિન્ન રહી જાય છે કેમ કે તેનામાં જાણવાનું સામર્થ્ય નથી. અને જો એ શરીરાદિ અજીવ અને રાગાદિ આસ્રવમાં પોતાપણું સ્થાપવા જાય તો જ્ઞાનમાં પોતાપણું રહેતું નથી કેમ કે જ્ઞાન તે બંનેથી જુદું તત્ત્વ છે.

લોકોને એમ થાય કે આવો તે કાંઈ ધર્મ હોય! કાંઈક દયા પાળવાનું કહો, તો તો બરાબર છે.—અરે બાપુ! આ જ તારી દયા છે. તેં તારા ઉપર કોઈદી દયા કરી નથી એની તને ખબર નથી.

ટીકા બહુ સરસ છે...આમાં પુનરુક્તિ દોષ ન લાગે હો! ઊલટી વધારે દઢતા થાય. જ્ઞાનપુંજ ભગવાન આત્મા સ્વતઃસિદ્ધ પોતાના સ્વભાવથી લોકાલોકને જાણે છે

તેમાં પરનું જાણવું અને પોતાનું જાણવું અભિન્ન રહે છે પણ પરદ્રવ્ય ભિન્ન રહે છે તે અભિન્ન થતાં નથી કેમ કે એ સ્વભાવથી જ ભિન્ન છે.

સ્વ-પરપ્રકાશના સામર્થ્યવાળા ભગવાન આત્માની વર્તમાન દશામાં "આ આત્મા...આ મારો આત્મા...' એમ જ્યાં દૃષ્ટિમાં બેઠું તો તેનું જ્ઞાન સ્વ-પર પ્રકાશનું સામર્થ્ય રાખતું પુણ્ય-પાપના ભાવને અને શરીરાદિની ક્રિયાને જાણે છે પણ તેમાં તન્મય થતું નથી. આસ્રવ અને અજીવ સંબંધીનું જ્ઞાન તો પોતામાં તન્મય છે પણ જો આસ્રવ અને અજીવ તન્મય થઈ જાય તો તો જ્ઞાન પોતે જ પરતત્ત્વ થઈ જાય. એ મોટો દોષ આવે છે.

આ પરમાત્મપ્રકાશ ચાલે છે ને! ભાઈ! તું દ્રવ્યે પરમાત્મસ્વરૂપ જ છો. સ્વ-પરપ્રકાશક તારું સ્વરૂપ છે. જેમ ભગવાનનું પૂર્ણ જ્ઞાન તેના અતીન્દ્રિય આનંદ સાથે તન્મય છે તેમ ભગવાન આત્માની પ્રતીત અને જ્ઞાન થતાં જે અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે તેની સાથે જ્ઞાન તન્મય છે. સ્વ-પરપ્રકાશના જ્ઞાન કાળે જ અતીન્દ્રિય આનંદનો પર્યાય તેનાથી તન્મય છે અને દુઃખની કલ્પનારૂપ રાગ અને શરીર સંબંધીનું જ્ઞાન છે પણ તે રાગ અને શરીર જ્ઞાન સાથે તન્મય નથી છતાં તન્મય માનવું એ જ ભ્રમણા અને મિથ્યાત્વ છે. રાગ અને શરીર જ્ઞાનમાં તન્મય તો થતાં જ નથી પણ મૂરખ ભ્રમણા કરીને માને છે. તેની ભ્રમણાને ઉથલ-પાથલ કરી નાંખે એવી આ વાત છે.

દાખલો આપ્યો ને—આંખમાં અગ્નિ દેખાય છે પણ અગ્નિ આંખની સાથે તન્મય નથી. તન્મય હોય તો તો આંખ બળી જાય. તેમ શરીરને જાણતાં જ્ઞાન તેમાં તન્મય થાય તો તો જ્ઞાન જડ થઈ જાય. પણ જ્ઞાન કદી જડ ન થાય અને જડ કદી ચૈતન્ય ન થાય.

એ જ રીતે, રાગ અને પુણ્ય-પાપની વૃત્તિઓ ઊઠે છે તેને જાણતાં જ્ઞાન જો તન્મય થઈ જાય તો રાગ તો દુઃખરૂપ, અચેતન-જડ સંકલ્પ છે, ચૈતન્યના તેજના નૂર વગરનો છે તો રાગની જેમ જ્ઞાન પણ અચેતન થઈ જાય. પણ એમ કદી બનતું નથી.

આ તો ખ્યાલ થવાની વાત છે હો! આને માટે કોઈ પંડિતાઈની જરૂર નથી. વસ્તુ જેમ છે તેમ તેને જાણવાની છે. જે વસ્તુ હોય તેનો કાંઈ સ્વભાવ તો હોય ને! તેનામાં શક્તિ તો હોય ને! આત્મા એક વસ્તુ છે તો તેનો સ્વભાવ શું છે?—કે, જાણવું એ એનો મુખ્ય સ્વભાવ છે પછી આનંદ આદિ સ્વભાવો તો ઘણાં છે. પણ મુખ્યપણે આત્મા જાણવા-દેખવાના અસ્તિત્વવાળું તત્ત્વ છે પણ રાગના અસ્તિત્વવાળું તત્ત્વ નથી. લોકાલોકનું અસ્તિત્વ આત્માથી ભિન્ન છે અને સ્વ-પરપ્રકાશનું અસ્તિત્વ આત્મામાં અભિન્ન છે.

ભગવાનનો આત્મા આવો પૂર્ણ જ્ઞાનાનંદમય અસ્તિત્વવાળો છે તેમ મારો આત્મા પણ એવા જ અસ્તિત્વવાળો છે. ભગવાનની અને મારી જાતમાં કાંઈ ફેર નથી. આમ જ્યાં એ પૂર્ણ પ્રગટરૂપ ભગવાનની અસ્તિનો નિર્ણય કરવા જાય છે કે આ પૂર્ણ સ્વ-પરપ્રકાશક જ્ઞાન અને અતીન્દ્રિય આનંદવાળા ભગવાનની સત્તા જગતમાં છે તો હું પણ એવી સ્વ-પરપ્રકાશક શક્તિવાળો અને અતીન્દ્રિય આનંદ સહિત હોવાપણાના સામર્થ્યવાળો છું એવી અંદર પ્રતીત થતાં તેની વર્તમાન દશામાં સ્વ-પરને જાણનારું જ્ઞાન પ્રગટ થાય છે અને સાથે તન્મયપણે અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે. આવું અતીન્દ્રિય આનંદનું વેદન જેને થાય છે તેણે આત્માને જાણ્યો અને માન્યો કહેવાય.

આમ, કેવળી ભગવાનનું પૂર્ણ જ્ઞાન અને અતીન્દ્રિય-આનંદ આ આત્માને ઉપાદેય છે. તેનો અર્થ એ કે, એવું જ્ઞાન અને આનંદ જેમાંથી પ્રગટ થાય એવો મારો આત્મા જ મને ઉપાદેય છે. આવી અંતરદૃષ્ટિ—અંતરપ્રતીત થતાં તેના જ્ઞાનમાં રાગાદિ પરનું જાણવું ભલે હો પણ જ્ઞાન રાગાદિમય થતું નથી, જ્ઞાન તો પોતાના આનંદથી અભેદપણે રહે છે.

જો જ્ઞાન દુઃખના વિકલ્પ સાથે તન્મય હોય તો જ્ઞાન જ અચેતન રાગાદિરૂપ થતાં મહાદુઃખ ઊભું થાય અને જો પરને પરરૂપ રાખી, પરસંબંધીના પોતાના જ્ઞાનને પોતારૂપ રાખી પોતાની હયાતીનો સ્વીકાર થાય તો અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે અને એ આનંદ જ્ઞાન સાથે અભેદ છે અને દુઃખનો કે દ્વેષનો વિકલ્પ ઊઠે તેની સાથે જ્ઞાન એક છે નહિ અને એક થતું નથી છતાં જે જ્ઞાનને વિકલ્પ સાથે તન્મય માને છે તે તેની ભ્રમણા છે.

પૈસાવાળા બધાં મૂઢ છે, કેમ?—કેમ કે, પાંચ કરોડ કે દશ કરોડ જે હોય તેનું જ્ઞાન પોતાને થાય છે, કાંઈ પૈસા તો પોતાના થતાં નથી. ખરેખર તો એ પૈસા સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં આવ્યું છે તેને બદલે એ એમ માને કે, મારે પૈસા આવ્યા એટલે તેણે પૈસાને અને જ્ઞાનને એક માન્યા એ તેની મૂઢતા છે.

ભગવાન! જે કાંઈ સંયોગો આવે છે તેનું તેને અડયા વગર જ્ઞાન કરવું એવો તારો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તારામાં તો તારો એ સ્વભાવ છે તેને બદલે જે સંયોગો આવે તે મને આવ્યા, મારા લાવવાથી આવ્યાં, તેની હયાતીમાં હું છું અને મારી હયાતીમાં તે છે એમ માને છો એ ભ્રમણાનું મોટું મિથ્યાત્વનું પાપ તને લાગે છે. એ ભ્રમણા કેમ મટે? કે જેણે જે ભ્રમણા કરી છે તે તોડે તો તૂટે.

હવે ૫૩મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે, એક અપેક્ષાથી આત્માને 'જડ' પણ કહેવાય છે. તે કેવી રીતે એ આ ગાથામાં કહ્યું છે.

જે જ્ઞાન પર અને વિકારનું લક્ષ કરતું હતું તે એકાંત પરપ્રકાશક મિથ્યાજ્ઞાન હતું. ઇન્દ્રિયોના નિમિત્તે થતું એકલું પરસન્મુખ જ્ઞાન હતું. એ જ્ઞાન ઇન્દ્રિયો અને પરનું લક્ષ છોડી જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઠરે તો તેવા જીવોને ઇન્દ્રિયજ્ઞાન નાશ થઈ જાય છે.

જાણવાના અસ્તિત્વવાળું આ જ્ઞાન, ઇન્દ્રિય, રાગ અને પરને જ જાણતું હતું ત્યાં સુધી એ એકાંત પરપ્રકાશક મિથ્યાજ્ઞાન હતું કેમ કે તેમાં જેનું જ્ઞાન છે એ પોતે તો જ્ઞાનમાં આવ્યો ન હતો. એ જ વર્તમાન જ્ઞાનની દશા, દશાવાનમાં અર્થાત જ્ઞાનવાનમાં ઠરે તો એ વખતે ઇન્દ્રિયજ્ઞાન રહેતું નથી—એ વખતે આત્મા ઇન્દ્રિયના જ્ઞાનથી આંધળો થઈ જાય છે એ અપેક્ષાએ નિર્વિકલ્પ શાંતિ અને જ્ઞાનના કાળે, જ્ઞાની ઇન્દ્રિયજ્ઞાનથી રહિત એવા 'જડ' કહેવામાં આવે છે. પણ જ્ઞાનનો અભાવ થઈ જાય છે એમ નથી.

બીજી રીતે કહીએ તો જીવ જ્યારે પરને જાણવામાં સાવધાની રાખે છે ત્યારે એ ઇન્દ્રિય, રાગ અને પર સંબંધીનું જ્ઞાન છે, એ જ્ઞાન જ્યારે સ્વને જાણવાની સાવધાનીમાં હોય છે ત્યારે બહારમાં નગારા વાગતાં હોય તોપણ એને ખબર ન હોય એટલી પરના જ્ઞાનમાં અસાવધાની વર્તે છે એ અપેક્ષાએ એ વખતે ઇન્દ્રિયજ્ઞાનથી રહિત તે જ્ઞાનને જડ કહેવાય છે.

કેવળીને તો સ્વ-પરનું પૂરું જ્ઞાન થઈ ગયું છે પણ સાધકદશામાં તો જ્ઞાન પૂરું નથી એટલે જે જ્ઞાન પરપદાર્થને જાણતું હતું એ જ આમ, પોતા તરફ વળતાં પોતામાં એવું એકાકાર થઈ જાય છે કે બહારમાં નગારા વાગે, શરીર ઉપર કોઈ પાણી છાંટે કે ચારેકોર ધૂપ લગાવ્યો હોય તેની તેને ખબર ન હોય. અરે! ધ્યાનના કાળે શરીર આખું પાણીમાં તણાય જાય તોપણ એને ખબર ન હોય. જેમ પરમાં તલ્લીન થયો છે તેને સ્વની કાંઈ ખબર રહેતી નથી તેમ સ્વમાં તલ્લીન થાય છે તેને પરની કાંઈ ખબર રહેતી નથી. માટે કહ્યું કે હે યોગી! આ કારણથી તું જ્ઞાનને જડ પણ જાણ.

ઘણાં વર્ષો પહેલાં ઉપાશ્રયમાં એક ભાઈ સૂતાં હતાં અને બાજુનું જ ઘર સળગ્યું, મોટા મોટા લાકડાં બળી ગયાં, પોલીસો આવ્યાં, હો...હો...થયું પણ તેને કાંઈ ખબર નહિ. તો જેમ ઊંઘમાં તેને બીજા જ્ઞાનની ખબર ન રહી ને! તેમ ભગવાન જ્ઞાન સ્વભાવનું જ્ઞાન અંતરમાં ઢળતાં બહારનું કાંઈ એને ગમ્ય થતું નથી. જ્ઞાન જ્ઞાનમાં ઠરતાં ઇન્દ્રિયના વિષયો એને ગમ્ય થતાં નથી. આ અપેક્ષાએ જ્ઞાનને જડ કહેવામાં આવે છે પણ પોતાના જ્ઞાનનો તેમાં અભાવ છે એમ નથી.

ભાવાર્થ:—મહામુનિઓને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયમાં સ્વસંવેદનજ્ઞાન હોવાથી ઇન્દ્રિયજ્ઞાન હોતું નથી. મુનિરાજ શીતળ...શીતળ આનંદમૂર્તિમાં જામી ગયા હોય ત્યારે તે જ્ઞાન આનંદના પ્રત્યક્ષ વેદનકાળમાં પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન હોતું નથી. પછી વિકલ્પમાં આવે ત્યારે ઇન્દ્રિયજ્ઞાન થાય છે, વાઘ આદિ ખાતાં હોય તે તરત જણાય છે પણ સ્વસંવેદન કાળે તો એ જ્ઞાનથી જડ થઈ ગયા હોય છે અને જે પાંચ ઇન્દ્રિયના જ્ઞાનમાં લીન છે એવા અજ્ઞાનીને અતીન્દ્રિય આત્માનું જરાય ભાન થતું નથી. શરીર, ઇન્દ્રિય-આ સ્પર્શ, રસ ને ગંધ આદિ અને મન તરફના જ્ઞાનવાળાને આત્મા ગમ્ય નથી અને આત્માના જ્ઞાનમાં લીન છે તેને પર પદાર્થો ગમ્ય નથી.

આ સ્વસંવેદનજ્ઞાનના કાળની વાત છે હો! તે સિવાયના કાળમાં તો મુનિને પણ ઇન્દ્રિયનું જ્ઞાન થાય છે. ટોડરમલજીએ કીધું છે કે, જ્ઞાની-મુનિને પણ અન્ય પદાર્થોનું જ્ઞાન તો થાય છે તે જ્ઞાન થાય તેમાં દોષ નથી પણ અતીન્દ્રિય જ્ઞાનના કાળે ઇન્દ્રિયોનું જ્ઞાન થતું નથી એમ કહેવું છે.

કેવળીઓને તો કોઈ પણ સમયે ઇન્દ્રિયજ્ઞાન હોતું જ નથી. એકલું અતીન્દ્રિય જ્ઞાન જ છે. માટે ઇન્દ્રિયજ્ઞાનના અભાવની અપેક્ષાએ જડ પણ કહી શકાય છે.

અહીં ઇન્દ્રિયજ્ઞાન સર્વપ્રકારે હેય છે અને અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે આ સારાંશ છે.

જુઓ તો ખરા! નિમિત્ત તો હેય છે, રાગ તો હેય છે પણ ઇન્દ્રિયજ્ઞાન પણ સર્વપ્રકારે હેય છે એમ કહ્યું છે. આહાહા...! પણ એણે કોઈદી આ ચીજ શું છે! તેનું સામર્થ્ય શું છે! એ ભરોસામાં લીધું નથી અને વાતો ધર્મની કરે છે કે શાસ્ત્રમાં આમ કહ્યું છે. અરે, શાસ્ત્રમાં તો બધું કહ્યું છે. શાસ્ત્ર તો સત્ય વાત કરે છે. શાસ્ત્ર અસત્ય વાત કહેતાં નથી. શાસ્ત્ર અસત્યનું જ્ઞાન કરાવે છે પણ અસત્યને સત્યપણે સ્થાપતાં નથી.

ભગવાન આત્માનું જ્ઞાન-અતીન્દ્રિયજ્ઞાન તે ઉપાદેય છે, પાંચ ઇન્દ્રિય અને મનનું જ્ઞાન હેય છે, છોડવાયોગ્ય છે તો રાગ અને બાહ્યપદાર્થ તો છોડવાયોગ્ય જ હોય ને! એ તો ક્યાંય દૂર રહી ગયા. અજીવ આદિ પરપદાર્થ તો આદરણીય નથી, છોડવાલાયક છે, રાગાદિ શુભાશુભ વિકલ્પ પણ છોડવાલાયક છે અને તે સંબંધીનું ઇન્દ્રિયજ્ઞાન પણ છોડવાલાયક છે. આહાહા...એક અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાન આત્મા જ ઉપાદેય છે, દૃષ્ટિમાં લેવા લાયક છે. એ જ શાંતિનું કારણ છે. બીજું કોઈ શાંતિનું કારણ નથી.

[ ક્રમશ: ]

એમ પ્રતીત કર :

# સિદ્ધ સમાન સદા પદ મેરો

[ શ્રી નાટક-સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૨ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેની ભૂમિકાનો ૩૬મો શ્લોક ચાલે છે. તેમાં આ આત્મા શું વસ્તુ છે અને કેવા આત્માની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય તેનું કથન ચાલે છે.

मुकुन्द સુધીનો અર્થ આવી ગયો છે. હવે કહે છે આત્મા વસ્તુ તરીકે अमलान છે પણ પર્યાયમાં વર્તમાનમાં રાગ-દ્વેષ આદિ મલિનતા હોવાથી હીણી, કરમાયેલી અને વિકૃતદશા દેખાય છે પણ વસ્તુ પોતે કરમાયેલી કે મલિન નથી. પર્યાયદૃષ્ટિથી જોવાથી જાણે હું હીણો થઈ ગયો, મલિન થઈ ગયો અથવા વિપરીત થઈ ગયો એમ દેખાય છે પણ વસ્તુદૃષ્ટિથી જોતાં હીણપ, મલિનતા કે વિપરીતતા વસ્તુના સ્વરૂપમાં નથી. માટે કહ્યું કે વસ્તુ 'अमलान' છે તે પર્યાયમાં મુરઝાઈ ગયેલો દેખાય છે પણ વસ્તુ મુરઝાણી-કરમાણી નથી. અખંડાનંદ પૂર્ણ વસ્તુ કરમાતી નથી, સુકાતી નથી, હણાતી નથી, સદાય એકરૂપ છે, તેની દૃષ્ટિ કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન વગરનું તો બધું વ્યર્થ છે.

પર્યાયમાં મલિનતા હોવા છતાં જે અમલાન છે તે દ્રવ્ય છે. પર્યાયમાં તો મલિનતા છે. પર્યાયમાં પણ જો મલિનતા ન હોય તો આ સંસાર શેનો ! પર્યાયમાં સંસાર છે પણ ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ કરો તો પ્રભુ આત્મા તો અમલાન જ છે.

ભગવાન આત્મા निराबाध છે. કોઈ જાતની બાધા કે પીડા તેનામાં નથી. આત્મા ચિદ્રૂપ છે. આવા આત્માની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. નિમિત્તની, રાગની અને એક સમયની પર્યાયની દૃષ્ટિ છોડી એક નિરાબાધ સ્વભાવની દૃષ્ટિ કરવી તે શુદ્ધજીવની દૃષ્ટિ છે. જેને ધર્મ કરવો છે તેણે તો આ દૃષ્ટિ કરવા જેવી છે. વર્તમાન અવસ્થામાં રાગ-દ્વેષ આદિ દેખાય છે એટલો જ આત્માને માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. તે તો સંસારમાં રખડવાવાળો છે. આ તો જેને ધર્મ કરવો છે અને સંસારના દુઃખનો અભાવ કરવો છે તેણે આવા નિરાબાધ ભગવાન આત્માની દૃષ્ટિ કરવી કે જેમાં બાધા નથી, પીડા નથી, દુઃખ નથી, જે પરમાત્મસ્વરૂપ નિરાબાધ વસ્તુ છે.

આવા આત્માને ક્યાં શોધવો ?—અરે ! એને ક્યાંય શોધવા જવો પડે તેમ નથી. પોતાની જ ચીજ છે. પોતે સત ચિદાનંદ ભગવાન આત્મા શાશ્વત આનંદનો ઘન

છે, નિરાબાધ છે પણ એણે કદી આવી વાત સાંભળી નથી. ધર્મના નામે પણ વ્રત, પૂજા, ભક્તિ આદિ રાગની પ્રવૃત્તિ જ લોકો કરી રહ્યાં છે અને તેમાં ધર્મ માને છે. જીવોની યોગ્યતા જ એવી, તેમાં બીજાં શું કરે! સમજણમાં જ ભૂલ છે. પુણ્યની ક્રિયાને ધર્મ માનીને સેવી રહ્યાં છે.

અહીં તો કહે છે જેમાં શરીર નથી, કર્મ નથી અને વિકલ્પ પણ જેમાં નથી એવા નિરાબાધ નિજ આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત છે.

ભગવાન આત્મા **निगम** છે. ઇન્દ્રિયો વડે કે દયા, દાનાદિના શુભ વિકલ્પ વડે પણ આત્મા ગમ્ય નથી, માટે તેને નિગમ કહ્યો છે. દરેક આત્માનું અંતરસ્વરૂપ સિદ્ધ ભગવાન જેવું જ છે. આવા શુદ્ધ આત્માને અંતરજ્ઞાનમાં જ્ઞેય બનાવીને તેની પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનનો વિષય તે નિગમ એવો ભગવાન આત્મા છે.

આત્મા '**निरंजन**' છે. તેમાં અંજન નામ મેલ નથી. એક સમયની પર્યાયમાં વિકાર છે અને તેનાં નિમિત્તરૂપ કર્મનો સંબંધ છે એ તો વ્યવહારનયનો વિષય છે. એ ધર્મનો વિષય નથી.

સંસારના વિકારથી રહિત હોવાથી આત્મા **निरविकार** છે. ચાર ગતિ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ અનેક પ્રકારના ઉદયભાવથી રહિત છે માટે નિર્વિકાર છે. અસ્તિ-નાસ્તિથી કહો તો આત્મા અવિકારનો પિંડ છે અને વિકારથી રહિત છે. આ તનમંદિરમાં જિનદેવ બિરાજે છે તે ધર્મનું કારણ છે. મંદિરમાં ભગવાન બિરાજે છે તે તો પુણ્યબંધના નિમિત્ત છે; ધર્મના નહિ. સમ્મેદશિખર આદિ તીર્થોની વંદનાનો ભાવ આવે છે ને! એ શુભભાવ છે, એવા ભાવ આવે ખરાં, અશુભથી બચવા એ ભાવ ભલે હો, પણ છે પુણ્યભાવ, ધર્મ નહિ. ધર્મ તો પોતાના નિર્વિકાર સ્વભાવની નિર્વિકલ્પ દૃષ્ટિ કરવી એ જ ધર્મ છે પણ આ ધર્મ જીવે અનંતકાળમાં કદી કર્યો નથી અને આ જ કરવા લાયક છે બીજું કાંઈ કરવા લાયક નથી એવી શ્રદ્ધા પણ કરી નથી.

**निराकार**—જડનો આકાર આત્મામાં નથી. શરીરના આકાર પ્રમાણે પોતાના અસંખ્ય પ્રદેશી આત્માનો આકાર છે પણ શરીરના આકારથી તે ભિન્ન છે. એ તો શુદ્ધ ચૈતન્ય અરૂપી વિજ્ઞાનઘન છે. તેનો અરૂપી આકાર છે. જડનો આકાર તેનામાં નથી. આવા આત્માને દૃષ્ટિમાં લે ત્યારે તેણે આત્માને જાણ્યો અને માન્યો કહેવાય, તે સિવાય બાકી બધાં એકડાં વિનાના મીંડા છે

આહાહા....! વીતરાગ દર્શનને સમજવું જગતને બહુ કઠણ પડે તેવું છે.

જેમ કાશીઘાટના લોટામાં પાણી ભર્યું છે તે પાણીનો આકાર લોટા જેવો છે પણ લોટાથી તદ્દન ભિન્ન પાણી પોતે એવા આકારે રહેલું છે. તેમ આ શરીરરૂપી કાશીઘાટના

લોટામાં જ્ઞાનજળ રહેલું છે તેનો આકાર શરીર જેવો દેખાય છે પણ તે શરીરનો નથી અને શરીરના કારણે નથી. હાંડકા, માંસ, રુધિરથી ભરેલાં આ જડ શરીરના આકારથી જ્ઞાનાનંદજળનો આકાર ભિન્ન છે....પણ એને ઘરના અને બારીબારણાના આકાર કેવા હોય તેની ખબર હોય પણ પોતાના આત્માના આકારની ખબર ન હોય કેમ કે તેની માટે નિવૃત્તિ નથી; ફુરસદ ક્યાં છે! બહુ કામ છે!!

અહીં કહે છે કે આત્મા તો **संसारशिरोमणि** છે. સંસારથી ઊર્ધ્વ રહેનારો છે. કામ, ક્રોધ, માન, માયા, દયા, દાનાદિ સર્વ વિકલ્પથી પાર આત્મા તેનો શિરોમણિ છે. સંસારનો શિરોમણિ એટલે સંસારનો નાયક નથી; સંસારથી અધિક—ભિન્ન છે. સંસાર કોને કહેવાય?—રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ તે સંસાર; બાયડી-છોકરાં તે સંસાર નથી, એ તો પરચીજ છે. તે સંસાર હોય તો તો દેહ છૂટતાં સંસાર જ છૂટી જાય. પણ એમ નથી. આ શરીર મારું, રાગ-દ્વેષ મારાં, પુણ્ય-પાપભાવ મારાં એવી મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષભાવ તે સંસાર છે.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે આ વાત લીધી છે કે જો ભગવાન સિદ્ધ સર્વગુણ-સંપન્ન, શુદ્ધ અને આદરણીય ન હોય તો સર્વ સંસારી પ્રાણીઓથી ઊર્ધ્વ કેવી રીતે રહે! સિદ્ધ ભગવાન ચૌદ બ્રહ્માંડમાં સૌથી ઉપર—લોકના અગ્રભાગે રહેલા છે માટે સંસાર શિરોમણિ છે અને સિદ્ધ સમાન દરેક આત્મા વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ ચીજ છે માટે તે પણ સંસારશિરોમણિ છે.

અહો! જ્યાં આત્મા વિકારથી પણ ભિન્ન છે તો મકાન કોના? કોના પુત્ર? કોનું શરીર? કોની વાણી? બધું ભિન્ન છે. ભગવાન! તું તો આત્મા છો ને! તો ત્રિલોકીનાથ ભગવાન તો વિકલ્પથી પણ જે ભિન્ન છે એવા આત્માને આત્મા કહે છે.

આત્મા **सुजान** છે એટલે?—સર્વને જેમ છે તેમ જાણનાર છે. રાગને રાગ તરીકે, શરીરને શરીર તરીકે અને આત્માને આત્મા તરીકે જેમ ભિન્ન-ભિન્ન છે તેમ જાણનાર છે માટે સુજાન એકલો ચૈતન્યરસનો પિંડ છે. પુણ્ય-પાપ વિકારની તો તેનામાં ગંધ પણ નથી. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે, શરીર અજીવતત્ત્વ છે અને પોતે તો સુજ્ઞાનતત્ત્વ—જીવતત્ત્વ છે. પણ એને ખબર નથી. જ્યાં પોતે છે ત્યાં શોધતો નથી અને જ્યાં નથી ત્યાં પોતાને શોધે છે. પુણ્યની ક્રિયામાં આત્માને શોધે છે એ તો પહેલી ડોશીના દૃષ્ટાંત જેવું છે કે ડોશીની સોય ખોવાઈ હતી અંધારામાં અને તે શોધતી હતી બીજે, જ્યાં અજવાળું હતું ત્યાં. જ્યાં વસ્તુ ખોવાણી હોય ત્યાં જ શોધે તો મળે ને! તેમ આત્માને રાગની ક્રિયામાં શોધવા જાય તો મળે? અજ્ઞાનમાં આત્મા ખોવાયો છે ત્યાં જ્ઞાન કરતાં આત્મા મળે છે.

ચૈતન્યભગવાન તો એકલો જ્ઞાનનો પિંડ છે. ચૈતન્યસૂર્ય છે પ્રકાશનો પ્રકાશક છે. આખી દુનિયાના સૂર્ય-ચંદ્રના પ્રકાશ, મણિ-રત્નના પ્રકાશ, હીરાના પ્રકાશ આદિ પ્રકાશનો પ્રકાશક એટલે જાણનાર આત્મા છે પણ તેને પોતાના માનનારો નથી. જડને પોતાના માનનારો આત્મા, આત્મા નથી પણ અનાત્મા છે-જડ છે.

આત્મા 'सरवदरसी' છે એટલે સર્વને દેખનારો છે એવા સર્વદર્શી આત્માની દૃષ્ટિ કરવાથી અને એકાગ્રતા કરવાથી પર્યાયમાં સર્વદર્શીપણું પ્રગટ થાય છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક છે અને પોતે છે એવી મહાસત્તાને દેખે એવી શક્તિ જેનામાં છે એવા આત્માની દૃષ્ટિ કરતાં હું સર્વદર્શી છું એવી પ્રતીત થાય છે. હું વિકલ્પ નથી, એક સમયની પર્યાય પણ હું નથી, હું આત્મા છું એવી પ્રતીત થવી તે સમ્યગ્દર્શન છે. અલ્પદર્શનની પર્યાય જેટલો પણ હું નહિ, સર્વદર્શીસ્વભાવી વસ્તુ તે જ હું છું.

આત્મા 'सरवज्ञ' છે. જેમ સાકરનો મીઠો સ્વભાવ છે, નમકનો ખારો સ્વભાવ છે, અફીણનો કડવો સ્વભાવ છે તેમ આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. ભગવાન આત્મા સર્વજ્ઞ-સ્વભાવી જ છે, તેની સમ્યગ્દર્શનમાં પ્રથમ પ્રતીત થાય છે કે હું સર્વજ્ઞસ્વરૂપ છું. પછી તે સ્વરૂપમાં એકાગ્રતા કરવાથી પ્રગટ પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટ થાય છે. શક્તિ હતી તે વ્યક્ત થાય છે.

હવે એ સર્વજ્ઞ પર્યાયમાં શું ન જણાય? આ જીવની આ સમયે આવી પર્યાય થશે અને તેમાં આ જ નિમિત્ત હશે. એ રીતે ત્રણકાળ અને ત્રણલોક સર્વજ્ઞના જ્ઞાનમાં જણાય છે તેમાં શું ફેરફાર હોઈ શકે? જેવું જણાય છે તેવું જ છે. પર્યાયો ક્રમસર થાય છે અને જે થવાની હોય તે જ થાય છે તો તેને ક્રમબદ્ધ માનવામાં શું હાનિ છે? દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમસર પરિણમી રહી છે તે સર્વજ્ઞના જ્ઞાનમાં બરાબર આવી જાય છે. તે કોઈ પર્યાય આગળ-પાછળ થતી નથી.

ઘણાંને પ્રશ્ન થાય છે કે, પર્યાયો બધી ક્રમ અનુસાર જ થાય છે તો પછી પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો? અમારી સાથેના એક સંપ્રદાયના સાધુ પણ એમ કહેતાં કે ભગવાને જોયું હશે તેમ થશે આપણો પુરુષાર્થ કાંઈ કામનો નથી. ભવભ્રમણનો નાશ જ્યારે થવાનો હશે ત્યારે થશે એમ વારંવાર બોલ્યા કરતાં હતાં. તે બે વર્ષ સુધી તો સાંભળી લીધું પણ પછી એકવાર કહી દીધું કે એમ નથી. ભગવાન તો કહે છે કે જેવા અમે છીએ એવા તમે તમને જાણો તો સમ્યગ્દર્શન થયા વગર રહેશે નહિ. જેની દૃષ્ટિ સર્વજ્ઞને કબૂલે છે કે સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે—એવી જેની પર્યાયમાં પ્રતીતિ આવે છે, તેને સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન થયા વગર રહેતું નથી. એક સેકંડમાં અસંખ્યમા ભાગમાં સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોકને જાણે છે એવી સર્વજ્ઞના જ્ઞાનની જેને કબૂલાત આવે છે તેની દૃષ્ટિ પોતાના સર્વજ્ઞસ્વભાવ ઉપર જાય છે તેને સમ્યગ્દર્શન

થયા વગર રહેતું નથી અને જેને સમ્યગ્દર્શન થાય છે તેનો મોક્ષ અલ્પકાળમાં થાય જ છે.

બહુ સૂક્ષ્મ વિષય છે. તત્ત્વની દૃષ્ટિ ઘણી સૂક્ષ્મ છે.

એક સમય કોને કહેવાય?—આંખ બંધ કરીને ખોલો એમાં અસંખ્ય સમય જાય છે, એક 'ક' બોલો તેમાં અસંખ્ય સમય થઈ જાય છે તો એવો સમયનો જે નાનામાં નાનો ભાગ તે એક સમય છે, એટલા કાળમાં સર્વજ્ઞના જ્ઞાનમાં ત્રણકાળ ને ત્રણલોક જણાય જાય છે એવી એક સમયની સર્વજ્ઞની પર્યાયની મહાન તાકાત છે. તેની પ્રતીતિ કરવાવાળો જીવ કોના લક્ષે એવી પ્રતીત કરી શકે છે?—પોતાના દ્રવ્યસ્વભાવમાં એવું સર્વજ્ઞપદ પડયું છે તેના લક્ષે જ સર્વજ્ઞની પ્રતીતિ કરી શકે છે. વિકલ્પ કે એક સમયની પર્યાયના લક્ષે એવી પ્રતીતિ થઈ શકતી નથી.

મૂળ તો એણે અનંતકાળથી ધર્મના નામે પણ ક્રિયા જ કરી છે એટલે આ વાસ્તવિક તત્ત્વ સમજવું સૂક્ષ્મ લાગે છે પણ સમયસારમાં કહ્યું છે ને! ક્લેશ કરો તો કરો—વ્રત, નિયમ ને તપ કરો તો કરો પણ આત્મા તો જ્ઞાનથી પ્રાપ્ત થાય છે, ક્રિયાથી પ્રાપ્ત થતો નથી.

સર્વજ્ઞ સર્વને જાણે તેમાં શું બાકી રહે? કાંઈ જ નહિ. સર્વજ્ઞ ભગવાનને ત્રણકાળ અને ત્રણલોક એક સમયમાં જાણવામાં આવી જાય છે આવું જ્ઞાન કયાંથી પ્રગટ થાય છે કે પોતાના સર્વજ્ઞસ્વભાવમાંથી સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય છે. લીંડીપીપરમાં અંદર ચોંસઠપોરી તીખાશ છે તે તેને ઘૂંટતાં પર્યાયમાં પ્રગટ થાય છે તેમ સર્વજ્ઞસ્વભાવ છે તેની પ્રતીત અને તેમાં એકાગ્રતા કરતાં પર્યાયમાં સર્વજ્ઞદશા પ્રગટ થાય છે. માટે નક્કી થાય છે કે સર્વજ્ઞસ્વભાવ તરફ પુરુષાર્થ ઝૂકયા વિના સર્વજ્ઞની સાચી પ્રતીત થતી નથી. સર્વજ્ઞની પ્રતીત કરનારના જન્મ-મરણ ન મટે એમ ત્રણકાળમાં બને નહિ. આવું જોર ૭૨ની સાલમાં અંદરથી આવતું હતું, ત્યારે તો સમયસાર કે પ્રવચનસાર આદિ કોઈ શાસ્ત્રો મળ્યા નહોતા. પ્રવચનસારની ૮૦મી ગાથમાં આ જ ભાવ રહેલો છે. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે તે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે.

સર્વજ્ઞની પ્રતીત થાય અને જન્મ-મરણ ન મટે એ વાત અમે સાંભળવા પણ તૈયાર નથી એમ એ વખતે ગુરુભાઈ ને કહી દીધું હતું. આવો સંપ્રદાય અમને ન જોઈએ. એક સમયમાં ત્રણકાળ ત્રણ લોકને જાણે એવા સર્વજ્ઞની શ્રદ્ધા થાય અને જન્મ-મરણ ન મટે એવું ત્રણકાળમાં બની ન શકે.

લોકોને અંતરમાં આત્મા શું ચીજ છે એ શોધવાની દરકાર નથી. એક તો સંસારમાં

ધંધાના પાપમાં વીશ-વીશ કલાક રોકાયેલા હોય અને તેમાં એક-દ કલાક ધર્મ સાંભળવા જાય તો ત્યાં પુણ્યથી ને રાગથી તમારું કલ્યાણ થઈ જશે એમ સાંભળીને તેને જ ધર્મ માની લે છે.

અહીં તો સમયસાર નાટકમાં જીવતત્ત્વના વર્ણન પહેલા પ્રવેશકામાં જ શુદ્ધ જીવની ઓળખાણ કરાવી દે છે કે ભગવાન શુદ્ધ જીવ તો સર્વજ્ઞસ્વભાવી છે તે રાગવાળો, શરીરવાળો, પુણ્યવાળો કે અલ્પજ્ઞાનવાળો નથી. ભગવાન! આ રાગ તારો નથી, શરીર તારું નથી, અલ્પજ્ઞાન જેવડો તું નથી, તું તો સર્વજ્ઞસ્વભાવી છો. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને એકસાથે જાણવાની શક્તિ લઈને જે બેઠો છે તે ભગવાન-આત્મા છે. આહાહા....

હજી તો જેને આ વાત સાંભળવામાં આવતી નથી તે ક્યારે વિચારે અને ક્યારે પરિણમન કરે! ધંધાના રસ આડે જીવન ચાલ્યું જાય છે. અંતે જ્યારે શરીર નબળું પડી જાય, આંખમાંથી પાણી જાય, કાને સંભળાય નહિ, બેસી શકાય નહિ ત્યારે કહે મારાથી કાંઈ થતું નથી. અરે ભાઈ! આ ધર્મનું કામ તો પહેલાં કરી લેવા જેવું છે. છઢાળામાં દૌલતરામજી લખે છે કે,—

"....ઈમ જાનિ આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ,
જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ."

રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ ન આવે તે પહેલાં જલ્દી તારું કામ કરી લે! હમણાં નહિ...હમણાં નહિ એમ કરીશ તો ક્યારેય નહિ થાય અને મરીને કાગડાં–કૂતરામાં ચાલ્યો જઈશ. આખી જિંદગી માયા–કપટ કર્યાં હોય તે મરીને આડાં—ગાય, ભેંસ કૂતરા, ઉંદર, ખીસકોલી આદિ તિર્યંચમાં અવતરે છે. ભગવાન કહે છે કે, જેણે આગલાં ભવમાં માયા, કપટ, કુટિલ અને દંભ કર્યાં છે તેનો આત્મા તો આડો થયો પણ શરીર પણ આડું જ મળશે.

અહા! આત્માનો એક સ્વભાવ પણ જે કબૂલ કરે તેને બધું કબૂલ થઈ જાય છે. 'હું તો સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા છું' મારો તો સર્વને જાણવાનો સ્વભાવ છે કોઈ વિકલ્પનું કરવું કે પરદ્રવ્યનું કામ કરવું કે પરમાંથી કાંઈ લેવું એ મારા સ્વભાવમાં નથી.

અરે! જેણે સંસારને મીઠાશથી સેવ્યો હોય તેને આ સાંભળતા ઘા વાગે છે. પણ ઘા વાગે તો એને વિચારવાનો અવકાશ છે, પણ આ તો ખરેખર ઘ પણ વાગવા દેતો નથી.

એક સમય નામ સેકંડના અસંખ્યાતમાં ભાગમાં ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેમાં શંકાનું સ્થાન ક્યાં છે! મારું કલ્યાણ ક્યારે થશે એમ નહિ, હું પોતે જ

કલ્યાણસ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈ તેણે કલ્યાણ પોતાને કબજે કરી લીધું. અંતરસન્મુખ થઈને જેણે કલ્યાણમૂર્તિ, વીતરાગમૂર્તિ સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરી તેણે કલ્યાણ પોતાને કબજે કરી લીધું છે.

આત્મા સિદ્ધ છે. બનારસીદાસજીએ આગળ જ ૧૯ મા શ્લોકમાં સિદ્ધ સમાન આત્માનું વર્ણન કર્યું છે—"ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાતમ ઘેરૌ" હું સદા સિદ્ધ સમાન હોવા છતાં પર્યાયમાં રાગ અને વિકલ્પને મારા માનીને મેં મહા મોહનો અંધકાર ઊભો કર્યો છે પણ હું તો સદા સિદ્ધ સમાન છું.

'ગ્યાનકલા ઉપજી અબ મોહિ. કહૌં ગુન નાટક આગમ કેરૌ,
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ, વેગિ મિટૈ ભવવાસ વસેરૌ.'

હું સિદ્ધ જ છું. દ્રવ્યે-સ્વભાવે-શક્તિએ હું સિદ્ધ જ છું. આજ મારી દૃષ્ટિનો વિષય છે. શક્તિમાં સિદ્ધપદ ન હોય તો વ્યક્ત ક્યાંથી થાય! સ્વભાવે હું સદા સિદ્ધ જ છું. આ મારું સિદ્ધસ્વરૂપ જ દૃષ્ટિનો વિષય છે. રાગ અને અલ્પજ્ઞાન એ દૃષ્ટિનો વિષય નથી.

ભગવાન આત્મા 'स्वामी' છે. स्व જે શુદ્ધ આનંદસ્વરૂપ મારું ધન તેનો હું સ્વામી છું. અનંતગુણનો હું સ્વામી છું. હું પત્નીનો પતિ નથી, લક્ષ્મીનો પતિ—લક્ષ્મીપતિ નથી, હું નરપતિ એટલે રાજા નથી. હું ચૈતન્ય થઈને જડનો ધણી કેમ થાઉં! હું તો મારા જ્ઞાન, આનંદ આદિ અનંતગુણનો સ્વામી છું. હું કાંઈ રાગનો, પુણ્યનો કે પરનો સ્વામી નથી.

જેમ કન્યાની સગાઈ થાય ત્યાં તેની દૃષ્ટિ ફરી જાય છે, તેને હવે પતિ અને તેની સંપતિ આદિ પોતાના લાગવા માંડે છે. પિતાની સંપતિનું સ્વામીપણું દૃષ્ટિમાંથી છૂટી જાય છે તેમ, જીવને જ્યાં સ્વભાવનું લક્ષ થાય છે ત્યાં દૃષ્ટિ ફરી જાય છે અહો! હું તો મારાં અનંતજ્ઞાન અને આનંદનો સ્વામી છું. આ રાગ અને પુણ્યનો હું સ્વામી નથી. એમ તેની દૃષ્ટિ ગુલાંટ ખાઈ જાય છે. દૃષ્ટિને ગુલાંટ ખાતા વાર કેટલી?

આવી મોંઘી-ઊંચી વાતો છે ભાઈ! કોઈ એમ કહે કે, ઊંચી છે માટે પચતી નથી તો શું તને સત્ય પચતું નથી, તો અસત્ય પચાવવું છે? અસત્યને પચાવીશ તો ચોરાશીના ફેરા અનાદિથી ચાલુ છે તે ચાલુ રહેશે. જુઓ ને! બ્રહ્મદત્ત ચક્રવર્તી કે જેને અહીં છખંડનું રાજ્ય હતું, સોળહજાર દેવો જેની સેવા કરતાં હતાં, બત્રીશ હજાર રાજા ચામર ઢાળતાં હતાં એ જ ચક્રવર્તી મરીને બીજી ક્ષણે સાતમી નરકમાં

ચાલ્યો ગયો. સંયોગી ચીજ હોય તેનો સંયોગ ક્યાં સુધી રહે! તેનો વિયોગ તો નિશ્ચિત છે. મમતા કરીને પાપના બોજા વધાર્યા તો તેના ફળમાં નીચે-નરકમાં ચાલ્યો ગયો.

અહીં કહે છે કે તારામાં કોઈ બહારની ચીજ જ નથી, પુણ્ય-પાપ તારામાં નથી. તું તો તારા આનંદ, જ્ઞાન, સર્વજ્ઞ-સર્વદર્શિ, સિદ્ધસમાન પદનો સ્વામી છો. આવા સ્વામીપણાની દૃષ્ટિ થાય તેનું નામ ધર્મ છે. બાકી બધી ધર્મના નામે વાતો છે.

આત્મા સિવ છે. શિવ એટલે શંકર નહિ પણ શિવ એટલે આત્મા કલ્યાણમૂર્તિ છે. જેમાં કોઈ ઉપદ્રવ જ નથી, ઉપદ્રવ નામ દુઃખની જેમાં ગંધ પણ નથી એવો આત્મા અનાદિ-અનંત શિવ છે, સુખનું ધામ છે.

આત્મા પોતાના સ્વરૂપધનનો ધણી છે માટે આત્માને 'धनी' કહ્યો છે. પોતાના જ્ઞાન, આનંદ આદિ અનંતગુણ એ પોતાનું ધન છે તેનો આત્મા ધણી છે. પરનો ધણી થવા જાય છે તે તો અનાત્મા છે, જડ છે, અજ્ઞાની છે.

આત્મા 'नाथ' છે. જે હોય તેની રક્ષા કરે અને ન હોય તે મેળવી આપે તેને નાથ કહેવાય છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપધનની પ્રતીતિરૂપ પર્યાય પ્રગટ થાય છે તેની રક્ષા કરે છે અને નહિ પ્રગટેલી શુદ્ધ પર્યાયને પ્રગટાવે છે માટે નાથ છે. જોગ અને ક્ષેમના કરનારને નાથ કહેવાય છે ને!

પોતાનો આત્મા જ પોતાનો ઈશ્વર છે. તેને ત્રણકાળમાં બીજો કોઈ ઈશ્વર નથી. માટે આત્મા ईस છે. આત્મા જ જગદીશ છે એટલે કે, ત્રણકાળ ત્રણલોકને જાણવાવાળો છે.

આત્મા 'भगवान' છે. भग એટલે લક્ષ્મી અને વાન એટલે વાળો. જે પોતાના જ્ઞાન આનંદની લક્ષ્મીવાળો છે-લક્ષ્મીરૂપ છે માટે ભગવાન છે. હું જ ભગવાન છું. એવી પોતાના ભગવાનપણાની દૃષ્ટિ કરતાં આત્મા પર્યાયમાં સાક્ષાત્ ભગવાન થાય છે. [ ક્રમશઃ ]

—૦—

ધાર્મિક શિક્ષણવર્ગ—તા. ૨૪-૧૨-૯૧ થી તા. ૨-૧-૯૨ સુધી સુવર્ણપુરીમાં રાખવામાં આવેલ શિક્ષણવર્ગનો લાભ લેવા બહારગામથી પણ ઘણા મુમુક્ષુઓ આવ્યા હતા. ઉત્તમવર્ગમાં બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયાએ તથા મધ્યમવર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે શિક્ષણ આપ્યું હતું. બહેનોની વિનંતીથી બ્ર. શ્રી લલિતાબેને બહેનોને ધાર્મિક શિક્ષણ આપ્યું હતું. શિક્ષણવર્ગ દરમિયાન સોનગઢના નિયમિત દૈનિક કાર્યક્રમ મુજબ સવાર-બપોર-સાંજ રાખવામાં આવતા પરમ કૃપાળું પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મમસ્તી-સભર ટેપ-પ્રવચનો ઉપરાંત રાત્રે વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની યાત્રા તેમ જ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો લાભ મળવાથી સૌને વિશેષ પ્રસન્નતા અનુભવાતી હતી. બહારગામના મહેમાનોને કારણે અધિક મુમુક્ષુઓની ઉપસ્થિતિથી મહોત્સવ જેવું વાતાવરણ રહ્યું હતું.

—*—

## 卐 વૈરાગ્યજનની : બાર ભાવના 卐

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૩૧૧-૩૧૪ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્મ-ભાવનામાં અનેકાંતનું સ્વરૂપ કહે છે. જૈનદર્શનની કથની અનેક પ્રકારથી છે, તેને અનેકાંતરૂપ સમજવી. સ્વયંસિદ્ધ પદાર્થ છે, તે પરની અપેક્ષા રાખતો નથી—એમ સ્વતંત્ર દૃષ્ટિ થઈ તે અનેકાંત છે. તેનું ફળ અજ્ઞાનનો નાશ થઈ ઉપાદેયની બુદ્ધિ તથા વીતરાગતાની પ્રાપ્તિ છે. અનેકાંતમાં સર્વજ્ઞની પ્રતીતિ પણ આવી જાય છે. સર્વજ્ઞે વસ્તુનો સ્વભાવ અનેકાંતરૂપ જોયો છે અને જેવું સર્વજ્ઞે જોયું છે એમ જ થાય છે. મારો સ્વભાવ પણ સર્વજ્ઞપણાનો છે—એમ અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય થાય છે, તે પુરુષાર્થ છે. આ ધર્મ-ભાવનાનો અધિકાર શરૂ કરતાં પહેલી ગાથામાં જ સર્વજ્ઞપણાની સિદ્ધિ કરી હતી. અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતા નહીં અને સર્વજ્ઞતામાં અલ્પજ્ઞતા નહીં એટલે એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં આત્માની ત્રિકાળ સર્વજ્ઞ શક્તિનો અભાવ છે અને સર્વજ્ઞ શક્તિમાં પર્યાય અને નિમિત્તનો ત્રણે કાળે અભાવ છે. આમ સમજીને અંતર્મુખ દૃષ્ટિ થઈ તે જ પુરુષાર્થ છે.

આત્માના ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી. વળી પર પદાર્થ આત્મામાં નાસ્તિરૂપ છે એટલે પરના કારણે આત્માને રોકાવું થાય એમ છે જ નહીં. જ્ઞાયક સ્વભાવમાં દૃષ્ટિ જામી ગઈ તે અનેકાંતનું ફળ છે અને તે જ વીતરાગ દશાની પ્રાપ્તિ છે. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ હું છું એવી ઉપાદેય બુદ્ધિ તે અનેકાંતનું ફળ છે. સ્યાદ્વાદ તે ફુદડીવાદ નથી, અત્યારે સ્યાદ્વાદને ફુદડીવાદ બનાવી દીધો છે. આત્માની એકાગ્રતાથી ધર્મ થાય? તો કહે હા. અને શુભભાવથી ધર્મ થાય? તો કહે કે હા. ગુરુની કૃપાથી થાય? તો કહે હા, આમ કહે તે તો મિથ્યાવાદ થયો. આત્માના અવલંબન સિવાય રાગથી કે નિમિત્તથી ત્રણ કાળમાં ધર્મ થાય નહીં તે અનેકાંતનું સ્વરૂપ છે.

શ્રી ગોમ્મટસાર ગાથા ૪૩૬ માં નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી કહે છે :

जस्स य पायपसायेणणंतसंसारजल हि मुत्तिण्णो ।
वीरिंदणंदिवच्छो णमामि तं अभयणंदिगुरुम् ।। ४३६ ।।

અહો ! ગુરુના ચરણકમળનાં પ્રસાદિથી હું સંસારનો પાર પામી ગયો છું પણ એ તો નિમિત્તનું કથન છે. આત્માને પરથી લાભ થાય એમ જ્ઞાની માનતો નથી. પોતાના દ્રવ્યના આશ્રયે સંસારનો અભાવ થાય છે. પર્યાય, વિકાર કે નિમિત્તના

આશ્રયે થતો નથી. આત્મામાં ભવ નથી માટે આત્માના આશ્રયે ભવનો નાશ થાય છે. એવું અનેકાંતનું સ્વરૂપ છે. તે પરથી થયું નથી. શાસ્ત્રમાં કથન તો અનેક પ્રકારથી આવે. વ્યવહારના ગ્રંથમાં કહે કે લૂખો આહાર લેવાથી વીર્ય હણાય તો ત્યાં આહારના કારણે વીર્ય હણાતું નથી પણ વીર્ય હણાય છે ત્યારે લૂખા આહારનું નિમિત્ત હોય છે. માટે આરોપથી કથન કરેલ છે. દરેક શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. માટે સ્વભાવની અપેક્ષા અને પર્યાય, વિકાર અને નિમિત્તની ઉપેક્ષા કરવી તે અનેકાંતનું ફળ છે.

આ કથનનો મર્મ પામવો મોટા ભાગ્યથી બને છે એટલે કે શાસ્ત્રના કથનનું રહસ્ય મહાન પુરુષાર્થથી જ પમાય છે. ભાગ્યથી એટલે પૂર્વકર્મના કારણે પમાય છે એમ અજ્ઞાની માને છે પણ એમ નથી. આ પંચમકાળમાં હાલ આ કથનીના વક્તા ગુરુનું નિમિત્ત સુલભ નથી. એટલે પંચમકાળની શરૂઆતમાં તો આચાર્યો, મુનિ, સંતો હતા. પણ વર્તમાનકાળમાં એટલે દોઢસો વર્ષ પહેલાં શ્રી જયચંદજી પંડિતે આ લખ્યું છે તે વખતની વાત છે કે ગુરુનું નિમિત્ત દુર્લભ છે—એમ કહેલ છે. અભાવ છે એમ કહેલ નથી. તેથી શાસ્ત્રને સમજવાનો નિરંતર ઉદ્યમ રાખી સમજવું યોગ્ય છે.

શ્રી નિયમસાર શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રભો! આ તમારું નયચક્ર જાણે ઇન્દ્રજાળ છે. ઘડીમાં કહે કે આત્માથી ધર્મ થાય અને ઘડીમાં કહે કે ગુરુના પ્રસાદથી થાય. કેવળજ્ઞાન સ્વભાવના અવલંબને થાય અને વજ્રકાયથી પણ થાય—એમ બે વાત શાસ્ત્રમાં આવે તો એનો અર્થ ગુરુગમે સમજાય એમ છે. સ્વભાવથી થાય અને પરથી ન થાય એ યથાર્થ વાત છે. નિમિત્તથી થાય એ તો ઉપચારનું કથન છે. એમ શાસ્ત્રને યથાર્થ સમજવું યોગ્ય છે. તદ્દન તટસ્થ થઈને અપૂર્વ ધર્મને પ્રાપ્ત કરવા અંતર વિચાર કરો, ગુરુગમ મેળવો. અત્યારે તો ત્યાગી નામ ધરાવીને અને માત્ર શાસ્ત્રનો અભ્યાસ કરી પંડિત નામ ધરાવીને નિમિત્તથી અને રાગથી આત્માને લાભ થાય એમ માને છે. માટે પોતે સાચો પુરુષાર્થ કરી સમજવા યોગ્ય છે. કર્મનો ક્ષયોપશમ થાય તો સમજાય એમ નથી અને વર્તમાન સમજાય નહીં એમ પણ નથી.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમયસારની શરૂઆત કરતાં પહેલી જ ગાથામાં કહેલ છે કે—

वंदितु सव्वसिद्धे धुवमचलमणोवमं गइं पत्ते ।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणियं ॥ १ ॥

જેણે આત્મામાં સિદ્ધનું સ્થાપન કર્યું એટલે કે તેમનો આદર કર્યો તેને અલ્પજ્ઞતા વિકાર અને નિમિત્તનો આદર રહેતો નથી. માટે મારો આત્મા સિદ્ધ સમાન છે—એવી

દૃષ્ટિ કરીને શાસ્ત્ર શ્રવણ કરે તો યથાર્થ સમજાશે. સિદ્ધની ઉપાદેયબુદ્ધિ થઈ તેને સિદ્ધ સિવાય બધાયની હેયબુદ્ધિ રહેશે. અહો ! આચાર્ય ભગવાન તો કહે છે કે હું સિદ્ધ અને તું પણ સિદ્ધ છો. "सिद्ध समान सदा पद मेरो" એમ સિદ્ધના આદરમાં અંતરસ્વભાવનો આદર આવી ગયો. સ્વભાવને સમજ્યા વગર સિદ્ધને સાચું વંદન થતું નથી. સિદ્ધદશા પ્રગટે છે તે અંતરના આશ્રયે પ્રગટે છે. બહારથી આવતી નથી. મારો સ્વભાવ જ્ઞાયક છે, એમાં રાગ અને નિમિત્ત ત્રિકાળ નથી એવી બુદ્ધિ જામી ગઈ છે તેની અલ્પકાળમાં મુક્તિ થાય છે.

પદ્મનંદિ પંચવિંશતિમાં એકત્વ અધિકાર ગાથા ૨૩ મીમાં કહેલ છે :—

तत्प्रति प्रीतिचितेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाण भाजनम् ।।

અંતરરુચિપૂર્વક આત્માની વાત પણ જે સાંભળે છે તે મુક્ત દશા પામવાને લાયક થઈ ગયો છે એટલે કે તેને સંસાર હોતો નથી. અનંતવાર ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો પણ રુચિપૂર્વક સાંભળ્યું નથી. અંતરમાં સ્વભાવનું અવલંબન કરે, વસ્તુના સ્વભાવને યથાર્થ જાણે તો સાંભળ્યું કહેવાય. સમજે નહિ તો સાંભળ્યું પણ નથી.

અહીં ગુરુગમ દ્વારા જેણે પ્રથમ સાંભળ્યું છે તેને શાસ્ત્રના અભ્યાસની મુખ્યતાથી વાત કરેલ છે કે તેના આશ્રયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. બીજા નિમિત્તો કરતાં તેની વિશેષતા બતાવવા માટે શાસ્ત્રના અભ્યાસની મુખ્યતા કહી છે. પણ જેણે પ્રથમ ગુરુગમ દ્વારા શ્રવણ કર્યું હોય તેની સમજવી. આત્મા પોતે પાત્રતા પ્રગટ કરે તો ગુરુ આદિનું નિમિત્ત એના કારણે મળ્યા વગર રહેતું નથી. જીવની પાત્રતાને આધીન થઈને નિમિત્તને આવવું પડે છે એમ નથી. નિયમસાર ગાથા ૫૩માં સમ્યગ્દર્શન પ્રગટ થવામાં નિમિત્ત કારણનાં બે પ્રકાર બતાવ્યા છે. એમાં જ્ઞાની પુરુષને ઉપચારથી અભ્યંતર હેતુ કહ્યો છે અને વાણીને બાહ્ય નિમિત્ત કહેલ છે. તે પણ ઉપચાર છે. ત્યાં શાસ્ત્રની મુખ્યતા લીધી નથી. અહીં તો બીજા નિમિત્તોની અપેક્ષાએ શાસ્ત્ર અભ્યાસની મુખ્યતા કહી છે. જો કે જિનેન્દ્રપ્રતિમાનું દર્શન તથા પ્રભાવના અંગનું દેખવું ઇત્યાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણો છે તોપણ શાસ્ત્ર શ્રવણ કરવું, ભણવું, તેનું ચિંતવન કરવું, ધારણ કરવું તથા હેતુ-યુક્તિપૂર્વક સ્વમત-પરમતના ભેદને જાણી નયવિવક્ષા સમજી વસ્તુના અનેકાંતસ્વરૂપનો નિશ્ચય કરવો એ મુખ્ય કારણ છે.

આત્મા જ્ઞાયક છે, તેની રુચિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કાર્યકારી છે. અહીં શાસ્ત્રનું

શ્રવણ કરવું એમ કહેલ છે પણ એકલું શાસ્ત્રવાંચવાથી આત્માનું કલ્યાણ થતું નથી એ સંબંધમાં શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :—

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.
મનમૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે ઉરસેહિ ઉદાસી લહી સબપે.
સબ શાસ્ત્રનકે નયધારી હિયે, મત મંડન–ખંડન ભેદ લિયે.
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

અરે ! અજ્ઞાનદશામાં અનંતકાળમાં જીવે પંચમહાવ્રત અનંતવાર પાળ્યા, મૌન રહ્યો, ભગવાનનું સ્મરણ કર્યું, આખી દુનિયાથી ઉદાસીનભાવ કર્યો એવા સાધનો અનંતવાર કર્યા પણ ચૈતન્ય આત્માને ગુરુગમે સમજ્યો નહીં. માટે હેતુયુક્તિપૂર્વક તુલના કરવી. સ્વમત અને પરમતના તફાવતને જાણીને અનેકાંતપૂર્વક સ્વરૂપનો નિર્ણય કરવો. એનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. માટે ભવ્યજીવોએ આગમના અભ્યાસનો ઉપાય નિરંતર રાખવો યોગ્ય છે.

હવે આગળ સમ્યગ્દૃષ્ટિ થતાં અનંતાનુબંધી કષાયનો અભાવ થઈ તેના કેવા પરિણામ થાય છે તે કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને શક્તિ અપેક્ષાએ પ્રભુ માને છે પણ હજી પર્યાય પૂર્ણ થઈ નથી એટલે પર્યાયમાં પામર છું એમ માને છે. એમ અનેકાંતનું યથાર્થજ્ઞાન જ્ઞાનીને હોય છે.

यः न च कुर्वते गर्वं पुत्रकलत्रादिसर्वार्थेषु ।
उपशमभावान् भावयति आत्मानं मन्यते तृणमात्रम् ॥ ३१३ ॥

જે સમ્યગ્દૃષ્ટિ છે તે પુત્ર–કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યના ભાવોમાં ગર્વ કરતો નથી. જ્ઞાનીને સર્વજ્ઞ શક્તિ મારી છે એમ સામાન્યમાં ભાસ્યું છે પણ વિશેષ એટલે પર્યાયમાં અનંતગુણી પર્યાય પ્રગટ કરવાની બાકી છે એટલે પોતાને તૃણ સમાન જાણે છે તેથી પરમાં ગર્વ કરતો નથી. આ ચોથા ગુણસ્થાનની દશાની વાત છે.

પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનની અને કેવળજ્ઞાન દશાની ભૂમિકા કરતાં અનંતમે ભાગે આ દશા છે. માટે સમ્યગ્દૃષ્ટિ આત્માને તૃણ જેવો પણ માને છે તે અનેકાંત છે અને તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની હતા, તેમણે કહ્યું છે કે હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારા

વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું. "આમ કહીને પોતાની પર્યાયમાં પામરતા છે તે બતાવે છે. વળી કહ્યું છે કે "અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય." ત્રિકાળી તત્ત્વ તો પ્રભુ છે પણ પર્યાયમાં પામરતા છે તેમ જાણે છે તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. અસ્થિરતાના કારણે જરા માન આવી જાય છે, તેને પોતાની નબળાઈ સમજે છે. પરના કારણે જ્ઞાનીને કદી અભિમાન થતું નથી. ચૌદપૂર્વના જ્ઞાનનો ઉઘાડ હોય પણ કેવળજ્ઞાન પાસે તો તે અનંતમે ભાગે છે, એમ જ્ઞાની જાણે છે. તેથી તેને ગર્વ થતો નથી.

પરદ્રવ્યના કારણે પોતાને મોટો માને તો તેને સમ્યક્ત્વ શાનું? એટલે જ્ઞાની પરના કારણે પોતાને મોટો માનતો નથી, પરની મોટપ આવે તો સ્વની મોટપ રહેતી નથી. ઘણા શિષ્યો થયા અને ઘણા ધર્મ પામ્યા તેથી કાંઈ આત્માની મોટપ નથી. સમંતભદ્ર આચાર્યે ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું છે કે ભગવાન! આપે ધર્મની પ્રરૂપણા કરી પણ એનું ફળ આવ્યું કે નહીં તે જોવા પણ રહ્યા નહીં. એ રીતે જ્ઞાનીને પણ ગર્વ થતો નથી. પોતે ઉપશમભાવને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે, તથા પોતાના આત્માને તૃણ સમાન હલકો માને છે. સંત-મુનિની નગ્ન દિગંબર દશા હોય છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. તે રાગ-દ્વેષના વિકલ્પ રહિત વિચરતા હોય છે, તે કર્મના વેરી છે. આનંદકુંજમાં પડયા હોય છે. તેવો ઉપશમભાવ તો મુનિને હોય છે પણ અહીં તો સમ્યગ્દષ્ટિના ઉપશમભાવની વાત છે. જ્ઞાનીને રાગ હોય છે તે પોતાની નિર્બળતા માને છે, તેને ગર્વ થતો નથી. તેથી પોતાને તૃણ સમાન જાણે છે.

પોતાનું સ્વરૂપ તો અનંતજ્ઞાન, દર્શન, વીર્ય અને સુખરૂપ છે. એટલે જ્યાં સુધી એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે. કોઈ પદાર્થમાં ગર્વ કરતો નથી. જુઓ ગાથા ૩૧૧-૩૧૨ માં અનેકાંતનું સ્વરૂપ બતાવ્યા પછી આ ગાથામાં જ્ઞાનીને ગર્વ થતો નથી એમ લીધું છે કેમકે અનેકાંત એમ બતાવે છે કે આ આત્મા શક્તિએ પ્રભુ છે પણ વર્તમાન પર્યાયમાં પામરતા છે. એમ જાણે છે તેને ગર્વ થતો નથી. દ્રવ્ય સ્વભાવને દૃષ્ટિમાં લઈને પર્યાયનું જ્ઞાન કરાવેલ છે.

विषयासक्तः अपि सदा सर्वारम्भेषु वर्तमानः अपि ।
मोहविलास एषः इति सर्वं मन्यते हेयम् ॥ ३१४ ॥

જો કે અવિરત સમ્યગ્દષ્ટિ ઇંદ્રિય વિષયોમાં આસક્ત છે. ચોથા ગુણસ્થાને અવિરત સમ્યગ્દષ્ટિને ઇન્દ્રિયોના વિષયો છૂટયા નથી. તીર્થંકર ભગવાન સંસારમાં હોય

છે. તેમને રાજ વૈભવ હોય છે અને ચક્રવર્તી હોય તો છન્નુ હજાર રાણી પણ હોય છે ત્યાં પોતે સમજે છે કે આ રાગ મારી નિર્બળતાના કારણે છે પણ કર્મના કારણે નથી.

વળી સમ્યગ્દષ્ટિ જીવ ત્રસ-સ્થાવર જીવોનો ઘાત જેમાં થાય એવા સર્વ આરંભમાં વર્તી રહ્યો છે. જુઓ! અહીં જ્ઞાનીને પાંચ ઇંદ્રિયોના વિષયો અને સર્વ પ્રકારના આરંભો હોય છે એમ કહેલ છે. એનો અર્થ એવો નથી કે દારૂ–માંસાદિ પણ હોય છે. અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોના તીવ્ર ઉદયોથી વિરક્ત થયો નથી છતાં તે એમ જાણે છે કે આ મોહકર્મના ઉદયનો વિલાસ છે એટલે કે મારી નિર્બળતાથી રાગ થાય છે એમાં નિમિત્ત મોહકર્મ છે તેનું જ્ઞાન કરે છે પણ મારા સ્વભાવમાં તે નથી. તે કષાયના પરિણામો ઉપાધિ છે. રોગવત્ છે-તજવા યોગ્ય છે. વર્તમાન કષાયોની પીડા સહન થતી નથી તેથી અસમર્થ બની આ વિષયોનું સેવન તથા ઘણાં આરંભમાં પ્રવર્તવું થાય છે—એમ તે માને છે. સમ્યગ્દષ્ટિને વિષય, ભોગ લડાઈ આદિના પરિણામ હોય છે પણ તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી અને પરના કારણે તે પરિણામો થાય છે એમ પણ માનતો નથી. [ ક્રમશઃ ]

卐

## 卐 અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ 卐

સંક્ષેપમાં, કરવાનું તો એક જ છે—જ્ઞાયકતત્ત્વનો આશ્રય. પૂજ્ય ગુરુદેવે એ જ બતાવ્યું છે. તે જ સારભૂત છે. બાકી બધું નિઃસાર છે. જ્ઞાયકતત્ત્વ કહો, શુદ્ધાત્મદ્રવ્ય કહો, પરમ-પારિણામિકભાવ કહો—બધું એક છે. તેનો જ આશ્રય—તેની જ દૃષ્ટિ–જ્ઞાન–રમણતા કરવા જેવી છે, તેનાથી જ સ્વાનુભૂતિથી મુક્તિ સુધીની બધી શુદ્ધપર્યાયો પ્રગટે છે અને શાશ્વત પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ માર્ગદર્શક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે.

—પૂજ્ય બહેનશ્રી

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી પ્રતિ

# શ્રી નાઈરોબી મુમુક્ષુ મંડળની સદ્‌ભાવના

અનંત-ઉપકારમૂર્તિ સ્વાનુભવમુદ્રિત સદ્ધર્મપ્રભાવક, પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સતપ્રભાવના-ઉદયથી નાઈરોબી (કેન્યા) દિગંબર જૈન મુમુક્ષુ મંડળમાં, પૂજ્ય ગુરુદેવ દ્વારા ઉપદિષ્ટ અધ્યાત્મધર્મ પ્રત્યે રુચિ, ઉત્સાહ તેમજ ભક્તિ દિન-પ્રતિદિન ક્રમશઃ વધતા જાય છે. પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ જેવા મહા સમર્થ અધ્યાત્મ-યુગ-પુરુષના નાઈરોબીમાં શ્રી જિનબિંબ-પંચકલ્યાણક પ્રતિષ્ઠા માટે પદાર્પણ થયા તે પણ ત્યાંના મુમુક્ષુ મંડળનું કોઈ સાતિશય સૌભાગ્ય રહ્યું. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પદાર્પણથી મુમુક્ષુઓમાં શ્રદ્ધા, રુચિ તેમજ ભક્તિમાં વૃદ્ધિ થઈ, અનેક નવા મુમુક્ષુઓ બન્યા અને સ્વાધ્યાય, જિનદર્શન, પૂજા તેમજ ભક્તિ આદિ દૈનિક કાર્યક્રમમાં નિયમિત ભાગ લેવા લાગ્યા. ફળસ્વરૂપે નાઈરોબી મુમુક્ષુ સમાજમાં પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તેમજ અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરી પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ તેમજ સમર્પિત ભાવના વધવા લાગી. આ ભાવનાની વૃદ્ધિમાં, મંડળના પૂર્વવર્તી અધ્યક્ષોની જેમ ક્રમશઃ અધ્યક્ષમહોદય સ્વ. શ્રી જેઠાલાલભાઈ તેમજ સ્વ. શ્રી કરમણભાઈની પ્રશસ્ત પ્રેરણા સબળ કારણ રહી. તેના ફળસ્વરૂપે ત્યાંના મુમુક્ષુઓને આ પ્રશસ્ત ભાવના રહ્યા કરે છે કે—પૂજ્ય ગુરુદેવ દ્વારા ઉપદિષ્ટ તત્ત્વજ્ઞાનના ધર્મસાહિત્ય-પ્રકાશન દ્વારા અધિક પ્રચાર થાય અને સોનગઢમાં તત્ત્વજ્ઞાનના લાભાર્થે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ-ભોજન આદિની સમુચિત સુંદર વ્યવસ્થા હો કે જેનાથી મુમુક્ષુ સમાજને તીર્થધામ શ્રી સોનગઢ પ્રત્યે આકર્ષણ વિશેષ વધે.

* ગત વર્ષે પર્યુષણપર્વમાં સોનગઢ-ટ્રસ્ટના ઉપાધ્યક્ષ, અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન-પ્રવચનકાર ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી (રાજકોટ) નાઈરોબી ગયા હતા ત્યારે તેમની ઉપસ્થિતિમાં ત્યાંના અનેક મુમુક્ષુપરિવારોએ સોનગઢ-તીર્થધામ પ્રતિ પોતાની ઉક્ત પ્રશસ્ત ભાવનાથી પ્રેરિત થઈને, જ્ઞાનપ્રચાર તેમજ ભોજનાલય આદિ અનેક જુદાજુદા ખાતામાં સારી એવી દાનરાશિ જાહેર કરી હતી, જેમના નામ નીચે પ્રમાણે છે.

શ્રીમતી રળીયાતબહેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી,
[ શ્રી રાયચંદભાઈના માતાજી સ્વ. શ્રી વેજીબહેન તથા તેમના મામા સ્વ. શ્રી રામજી રૂપશી તથા મામી સ્વ. શ્રી ગંગાબહેન રામજીના સ્મરણાર્થે ],
સ્વ. શ્રી જેઠાલાલભાઈ દેવરાજ શાહ-પરિવાર (નાઈરોબી મુમુક્ષુમંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ), હ. શ્રી હંસરાજભાઈ શાહ.
શ્રી કરમણભાઈ નરશીભાઈ શાહ-પરિવાર,
દેવચંદ રાજાના સ્મરણાર્થે પ્રફુલ્લ દેવચંદ રાજા,
હ. સરોજબહેન રાજા, પ્રાયેશ રાજા, સુજલ રાજા

સ્વ. શ્રી કચરાભાઈ નરશીભાઈ શાહ–પરિવાર તથા શ્રી વેલજીભાઈ નરશી–પરિવાર,

શ્રી ગંગાબેન પ્રેમચંદ કેશવજી શા, હ૦ શ્રી પંકજભાઈ પ્રેમચંદ શાહ;

,, મેઘજી નથુ માલદે તથા હરખચંદ નથુ માલદે–પરિવાર. હ૦ કસ્તુરબેન

,, ઝવેરચંદ પૂનમચંદ શાહ, [ સ્વ૦ શ્રી વિદ્યુતના સ્મરણાર્થે ]

સ્વ૦ શ્રી દેવશી નથુ માલદે–પરિવાર, હ૦ શ્રી શશિકાંતભાઈ;

શ્રી વેલજી ધરમશી–પરિવાર, હ૦ શ્રી વિમલભાઈ;

,, શાન્તિલાલ દેવજી શાહ–પરિવાર, હ૦ હસમુખરાય;

,, ધરમશી દેવરાજ શાહ–પરિવાર, હ૦ શ્રી હરખચંદભાઈ;

,, જયંતીલાલ કચરા નરશી શાહ, હ૦ શ્રી મૃદુલાબેન જયંતીલાલ શાહ;

સ્વ૦ શ્રી જશોદાબેન હરખચંદ શાહ–પરિવાર, હ૦ શ્રી કિરણભાઈ શાહ;

,, ,, રામજી દેવરાજ શાહ, હ૦ શ્રી રશ્મિ;

શ્રી તારાબેન રતીલાલ તથા શ્રી સુશીલાબેન જયન્તીલાલ;

,, ચંદુલાલ દેવજી કરમશી શાહ, હ૦ નીપીત;

,, રૂક્ષ્મણિબેન અમૃતલાલ પ્રેમચંદ શાહ;

,, સુરેન્દ્ર દેવશીભાઈ શાહ;

,, વેલજીભાઈ મગનભાઈ શાહ; ( વાંચનકાર )

,, નેમચંદ દેવરાજ શાહ;

,, પુષ્પાબેન મેઘજી કરમશી [ સ્વ૦ કરમશી કચરા રાયશીના સ્મરણાર્થ ];

,, રતનબેન વાઘજી કચરા શાહ;

,, જશોદાબેન મેઘજી હરિયા–પરિવાર, હ૦ શ્રી ચન્દ્રકાંત, અનિલ, અશ્વિન;

,, જેસીંગભાઈ મેપાભાઈ;

સ્વ૦ શ્રી નરશીભાઈ દેવજીના સ્મરણાર્થ, હ૦ શ્રી લીલાબેન

શ્રી વેલજી લાધા–પરિવાર, હ૦ શ્રી કસ્તુરબેન;

,, હિતેશ અમૃતલાલ હરિયા, હ૦ શ્રી કંચનબેન;

,, કંચનબેન કાનજી હરિયા;

,, મુક્તાબેન હેમરાજ હરિયા–પરિવાર, હ૦ હરીશ તથા કીર્તિ;

" હરખચંદ રાજપાલ શાહ;

,, જયાબેન જયન્તીલાલ માલદે, નાઈરોબી;

,, મણિબેન નેમચંદ કાનજી શાહ–પરિવાર

,, શોભનાબેન અરવિંદ શાહ, સ્વ૦ શ્રી કરમશી જેસાના સ્મરણાર્થ, હ૦ શ્રી મણિબેન;

## વૈરાગ્ય સમાચાર :—

* સોનગઢનિવાસી (હાલ અમદાવાદ) શ્રી ચંદ્રિકાબેન રાજેન્દ્રભાઈ દામાણી (વર્ષ ૬૪) (તે શ્રી ચુનીલાલ હીરાચંદ દામાણીના પુત્રવધૂ) તા. ૨૫-૧૧-૯૧ના રોજ અચાનક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમને વીતરાગધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

* શ્રી રતીલાલ હીરાચંદ શાહ (સોનગઢ-ગુરુકુળ વિદ્યાલયના ભૂતપૂર્વ પ્રધાનાધ્યાપક અને ધાર્મિક શિક્ષણવર્ગના વયોવૃદ્ધ અધ્યાપક સ્વ. શ્રી હીરાચંદ માસ્તરના જ્યેષ્ઠ પુત્ર) (વર્ષ ૮૩) મુંબઈ મધ્યે તા. ૨-૧૨-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્વ. શ્રી રતીભાઈ સ્વભાવે માયાળુ અને સજ્જન હતા.

* સરારનિવાસી શ્રી રામદાસ ભાઈજીભાઈ પટેલ તા. ૧૨-૧૨-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ સોનગઢ) સ્વ૦ શ્રી મફતલાલ હરજીવનદાસ કામદારનાં ધર્મપત્ની શ્રી રંભાબહેન (વર્ષ-૮૭) સોનગઢ મધ્યે તા. ૨૧-૧૨-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને પ્રવચન-શ્રવણવાંચનનો ઉલ્લાસભર્યો સારો પ્રેમ હતો.

* ભાવનગરનિવાસી શ્રી ધનવંતરાય વ્રજલાલ કોઠારી (વર્ષ-૬૭) પોષ સુદ ૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને તત્ત્વનો લાભ લેતા હતા.

* રાજકોટનિવાસી શ્રી રતીલાલ હીરાચંદ શાહ (વર્ષ-૮૪) તા. ૨૪-૧૨-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી શારદાબેન ચંદુલાલ જેઠાલાલ શાહ (વર્ષ-૫૯) તા. ૩૧-૧૨-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી શ્રી કંચનબેન ફુલચંદ પારેખ (વર્ષ-૯૦) તા. ૯-૧-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચુડાનિવાસી શ્રી ત્રંબકલાલ છગનલાલ ગોસલીયા (વર્ષ-૭૪) તા. ૧૧-૧-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

શ્રી જૈન-અતિથિ-સેવા-સમિતિમાં કાયમી ભોજનતિથિનાં રૂા. ૨૦૦૧/- તથા ફોટો (૧૨"×૧૫" નો માઉન્ટ સાથે ફોટો) મૂકવા માટે રૂા. ૫૦૦૧/-ની કાયમી યોજના ચાલે છે. પોતાના સ્વજનોની કાયમી સ્મૃતિ માટે અનેક મુમુક્ષુઓ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

## 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* શબ્દશાસ્ત્રનો વિસ્તાર તો અપાર છે; અને આયુ પણ જો અપાર હોય તો–તો તે બધાનો સુવિચાર કર્તવ્ય છે; પણ આયુ–કાળ તો અતિ–અલ્પ છે. ને એકલા શબ્દશાસ્ત્રથી કાંઈ મુક્તિ થઈ જતી નથી; માટે વ્યર્થ કાળ ન ગુમાવતાં પ્રયોજનભૂત તત્ત્વમાં બુદ્ધિ જોડવી. ૨૮૮.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૯૮)

* (શુદ્ધ-આત્મતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે; સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી. ૨૮૯.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૬૧)

* અધ્યાત્મનો અભ્યાસ કરતી વખતે મુમુક્ષુએ તત્ત્વ સમજવાનો યત્ન કરવો જોઈએ; શબ્દના ગુણ–દોષના વિચારમાં અટકવું ન જોઈએ. હે ભવ્ય! જો તું બુદ્ધિમાન છો તો વારંવાર અધ્યયન કરીને તત્ત્વ સમજ. ૨૯૦.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૩૨)

* કેટલાય જીવ કોઈ શાસ્ત્ર આદિના નિમિત્તે કાંઈક થોડું એક જ્ઞાન મેળવીને એટલા બધા અભિમાની થઈ જાય છે કે તે બધા લોકોને મૂર્ખ સમજીને અન્ય કોઈ પણ વિશિષ્ટ વિદ્વાનોનો આશ્રય લેતા નથી. ૨૯૧.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વ સપ્તતિ, શ્લોક-૮)

* સમ્યગ્દષ્ટિ જીવનું પોતાના આત્માને જાણવાવાળું સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ જ્ઞાન, શુદ્ધ અને સિદ્ધોના જેવું હોય છે. ૨૯૨.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૮૯)

* ઉન્નતિક્રમ તો એ છે કે—એકને જોઈ બીજો તેના આદર્શ ગુણોનું અનુકરણ કરે, પરંતુ દોષદષ્ટિવાન મનુષ્ય "પોતાથી જગતમાં કોઈ વિશેષ ગુણવાન છે" એ સમજતો જ નથી. બીજામાં દોષ હોવા

અથવા નહિ હોવાથી તને પોતાને શું લાભ-હાનિ છે? તારો દોષ જે દિવસે નિવૃત્ત થશે તે દિવસે તું ખરેખર સુખી થઈશ. માટે હે મુમુક્ષુ! એ પરદોષ જોવા તરફ તું નિરંતર ઉપેક્ષીત રહે. ૨૯૩.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૨૫૦ )

* હે જીવ! પરમાર્થકો સમજનેવાલોંકો કોઈ જીવ બડા છોટા નહીં હૈ, સભી જીવ પરમબ્રહ્મસ્વરૂપ હૈં. ૨૯૪.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, શ્લોક–૯૪ )

* શ્રુતિઓનો અંત નથી (–શાસ્ત્રોનો પાર નથી) કાળ થોડો છે અને આપણે દુર્મેધ (–મંદબુદ્ધિ) છીએ. માટે તે જ કેવળ શીખવા યોગ્ય છે કે જે જરા–મરણનો ક્ષય કરે. ૨૯૫. ( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૯૮ )

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય, ગાથા–૧૪૬ની ટીકામાં ઉદ્ધૃત–શ્લોક )

* પંડિતોમાં પંડિત એવા હે પંડિત! જો તું ગ્રંથ અને તેના અર્થોમાં જ સંતોષાઈ ગયો છે અને પરમાર્થ–આત્માને જાણતો નથી તો તું મૂર્ખ છો; તેં કણને છોડીને ફોતરા જ ફૂટયા છે. ૨૯૬.

( મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા–૮૫, મોક્ષમાર્ગ પ્રકાશકમાં ઉદ્ધૃત ગાથા )

* ક્રમે ક્રમે ચઢીને કીડી વૃક્ષ ઉપર રહેલાં ફળ પાસે પોપટની માફક પહોંચે છે; અને મનુષ્ય પોતામાં રહેલા શુદ્ધ ચિદ્રૂપનું ચિંતન તે જ પ્રમાણે ક્રમે કરીને પામે છે. ૨૯૭.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૧૮, ગાથા–૧૭ )

* હે ભવ્ય! આ વાત તમે નિઃસંદેહ જાણો કે માત્ર યુક્તિપૂર્વક શાસ્ત્રના ચિંતન–મનનથી જ જીવના સદ્‌ગુણોની પ્રાપ્તિ થવી અસંભવ છે; પરંતુ આત્મભાવનામાં પરિણતિ વડે તેની પ્રાપ્તિ થવી સુગમ છે. ૨૯૮.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક–૨૭ )

* જેમ સાકર ખાતાં ગધેડું મરી જાય તો તેથી કાંઈ મનુષ્ય તો સાકર ખાવી ન છોડે, તેમ કોઈ વિપરીતબુદ્ધિ જીવ અધ્યાત્મગ્રંથો સાંભળી સ્વચ્છંદી થાય તો તેથી કાંઈ વિવેકી જીવ તો અધ્યાત્મગ્રંથોનો અભ્યાસ ન છોડે. ૨૯૯. ( શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર–૮, પાનું–૨૯૪ )

તા. ૧૬-૧-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલ-ભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીનઃ મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

| | |
|---|---|
| પ્રાતઃ | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | જિનેન્દ્રદર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર (૧૩મી વખતનું) આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-કળશટીકા પર આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૧૫ | પૂજ્ય બહેનના ચિત્રપટ સમક્ષ સ્વાધ્યાયમંદિરમાં સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૫-૦૦ | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ પર ભાવવાહી ટેપ-પ્રવચન |
| રાત્રે | ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં પૂજ્ય બહેનશ્રીના આવાસ પર મહિલા-શાસ્ત્રસભા |

* માગશર વદ આઠમના રોજ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો આચાર્યપદારોહણ દિન આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* તા. ૨-૨-૯૨, રવિવાર, પોષ વદ ચૌદશ, પરમ પૂજ્ય શ્રી આદિનાથ ભગવાનનો નિર્વાણકલ્યાણક દિન પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વ ઉજવવામાં આવશે.

૫૦૦૫-શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદભાઈ રાજા તરફથી તેમનાં પિતાશ્રી દેવચંદભાઈ રાજાનાં સ્મરણાર્થે, હ. સરોજબેન પ્રફુલ્લભાઈ રાજા શ્રેયાસ પ્રફુલ્લભાઈ રાજા, સુજલ પ્રફુલ્લભાઈ રાજા, સંસ્થાના વિભિન્ન ખાતામાં આવેલ છે.

૧૦૦૦-શ્રી સુલક્ષાબેન વિનોદભાઈ મગનલાલ પરિવાર સ્વ. બેબીતાં સ્મરણાર્થે જ્ઞાન-દાનમાં;

૧૦૦૦-શ્રી હેમકુંવરબેન રામજીભાઈ પરિવાર, સ્વ. બેબીનાં સ્મરણાર્થે જ્ઞાન-દાનમાં આવેલ છે.

— * —

## 卐 ...તે તો જે જાણતા હોય તે જ જાણે! 卐

જેમને સ્વભાવનો અંશ પ્રગટ થયો છે એવા સમ્યક્ત્વપરિણત જીવ પણ, પોતાને પ્રગટ થયેલી જ્ઞાતાધારાની સાથે જ્ઞાયકમાં લીનતાની તરતમતા પ્રમાણે, અવારનવાર ચૈતન્યમાં ચાલ્યા જાય છે. જેમ મુનિરાજ અંતરમાં કયાં વિચારતા હોય છે તે કળવું મુશ્કેલ છે, તેમ જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવનું પણ અંતઃપરિણમન કળવું મુશ્કેલ છે. તેમની અંતઃપરિણતિ અંતરમાં કયાં વિચરી રહી હોય છે તે તો જે જાણતા હોય તે જ જાણે!

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-

A ૧૪૨૬ શ્રી હીરાલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. એડ. કોલેજ,
વાયા–સોનગઢ સણોસરા–૩૬૪૨૩૦ (સૌ.)